# દિવ્યાંગો ઉજાળે છે અનેકની દિવાળી

## કૌશલ્ય અને વ્યવસાયિક શિક્ષણ સાથે દિવ્યાંગ બાળકો બનાવે છે અનેક વસ્તુઓ અને પ્રસાધનો




પેજ નંબર પાંચ ઉપર

અંક નં. 143/509 | 15 નવેમ્બર, 2024

Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 | Monthly Date Of Publication : 15 November 2024 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 24

# K.L. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



વિજ્ઞાન મેળામાં માધ્યમિક શાળાની કૃતિ



મહેંદી કળાની કૃતિ



ગરીબ દર્દીઓને મફત શ્રવણયંત્ર



અગ્નિશામક યંત્રોની તાલીમ




વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનના ઘરની મુલાકાતે મંત્રીશ્રી




કૃત્રિમ હાથ-પગ વિતરણનો કેમ્પ



કૃત્રિમ હાથ-પગ / શ્રવણયંત્ર વિતરણ ઉદ્દઘાટન



બાળકોને મિષ્ટાન ભોજન

# કોશિશ થી કામયાબી

આ અંકમાં...


| | | |
|---|---|---|
| 01. | બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર | 02 |
| 02. | Index | 03 |
| 03. | રતન ટાટા : સુખનું સરનામું | 04 |
| 04. | દિવ્યાંગો ઉજાળે છે અનેકની દિવાળી | 05 |
| 05. | નટરાજ સી.પી. સ્કૂલ | 06 |
| 06. | કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ | 08 |
| 07. | દિશા કમ વિકાસ પ્રોજેક્ટ | 10 |
| 08. | DSE M. D. | 11 |
| 09. | PNR હોસ્પિટલ | 12 |
| 10. | પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર | 12 |
| 11. | અંબા સી.પી. હોસ્ટેલ | 13 |
| 12. | શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગ | 14 |
| 13. | શાહ ખી.લ. બહેરાં-મૂંગા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા | 14 |
| 14. | પી.આર.વી. વર્કશોપ | 16 |
| 15. | ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય | 17 |
| 16. | ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય | 17 |
| 17. | શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ | 18 |
| 18. | 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા | 19 |
| 19. | દાતાઓની યાદી | 21 |
| 20. | PNR તસ્વીર સમાચાર | 23 |


## નૂતન વર્ષાભિનંદન

વિક્રમ સંવત ૨૦૮૧ના નવા વર્ષે આપણાં સૌ વાચક મિત્રોને અભિનંદન આપી શુભકામના પાઠવું છું.

હાલમાં જ PNR સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓનું નવા વર્ષનું સ્નેહમિલન તમામ સંસ્થાઓના હોદ્દેદારો-કાર્યકર્તાઓ, કર્મચારીઓની ઉપસ્થિતિમાં નટરાજ કોન્ફરન્સ હોલમાં મળ્યું. તેમાં સૌ વકતાઓએ 'દિવ્યાંગોના શિક્ષણ-તાલીમ-સારવાર અને પુનર્વસનના કાર્યમાં વધુ ઉત્સાહભેર અને પરિણામલક્ષી કામગિરી કરવા શુભેચ્છાઓ આપી હતી.'

મિત્રો, 'દિવ્યાંગ' જેવા મહિમામંડિત શબ્દ સુધી યાત્રા કરતા, એક સમયના શારીરિક-માનસિક ક્ષતિ ધરાવતા આપણાં ઘણા બધા વિદ્યાર્થીઓ-વ્યકિતઓનો પરિશ્રમ પણ સાર્થક નિવડયો છે, જેમાં તેઓએ પોતાની દિવ્યાંગતામાંથી ઉપર ઉઠીને શિક્ષણ અને આર્થિક સ્વનિર્ભરતા પ્રાપ્ત કરી છે અને એ માટે સરકારશ્રી, ઉદ્યોગો, હોટેલ્સ વિગેરેનો ખૂબ સહયોગ રહ્યો છે.

મિત્રો, દિવ્યાંગો માટે દરેક દિવસ એક પડકાર હોય છે, પરંતુ દરેક પડકાર એક અવસર હોય છે. જરૂર છે ફકત દિવ્યાંગોએ પોતાના સ્વપ્નાઓ સાકાર કરવા માટે વિશ્વાસ સાથે એક કદમ આગળ વધવાની.

અંતે તમામ મિત્રો, વાચકોને નૂતન વર્ષના પ્રારંભે આટલું જ કહીશ...

'કોઈને મદદ કરી શકો, એવું શુભ-ધન પ્રાપ્ત થાઓ;
સેવા માટે દોડીને જાઓ, એવું બળ પ્રાપ્ત થાઓ;
દુઃખિયાના આંસુ લૂછી શકો, એવી કરૂણા પ્રાપ્ત થાઓ;
ઠેસ પહોંચાડનારને ક્ષમા આપી શકો, એવી ઉદારતા પ્રાપ્ત થાઓ.'

- કિરીટ રાઠોડ

**'Reduce what you need.**
**Reuse what you consume.'**

**- Bea Johnson**


**Koshish Thi Kamyabi**
RNI No.GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24, Monthly
- **અંક નં.143/510**
15 નવેમ્બર, 2024
- **પ્રકાશક : શ્રી ખી.લ. બહેરાઓની સંસ્થા**
51, વિદ્યાનગર, ભાવનગર - 364 002.
ફોન : (0278) 2429326, 2420836
{ku. 9499661694 / 9499557977
**E-mail : info@pnrsocity.org**
**klinstitute.deaf@gmail.com**
**Visit us : www.pnrsocity.org**
**www.klinstitutedeaf.org**

- તંત્રી
**અનંત કે. શાહ**
- સહ તંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**
- પ્રિન્ટીંગ
**ધર્મેશ પ્રિન્ટોરીયમ, અમદાવાદ**
- 'કોશિશ થી કામિયાબી' લવાજમ
**આજીવન રૂ.2500, વાર્ષિક રૂ.150**
- ચેક "શ્રી ખી.લ. બહેરા મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈનિંગ
**સાગર ચલાળિયા, ભાવનગર**
- સંપાદક મંડળ
**ફાલ્ગુની ખાટસુરિયા**
**ગજાનંદ ભટ્ટ**
**જ્યોતિ ભટ્ટી**
**આરિફ જેઠવા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**રાજેશભાઈ હકાણી**



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - **A-4**)

| | |
|---|---|
| બીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | રૂા.10,000 |
| ત્રીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | રૂા.10,000 |
| ચોથું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | રૂા.10,000 |
| ફુલ પેજ - સિંગલ કલર | રૂા.5,000 |
| હાફ પેજ - સિંગલ કલર | રૂા.2,500 |
| ક્વાર્ટર પેજ - સિંગલ કલર | રૂા.1,500 |

# સ્વ. રતન ટાટાએ આપેલ સુખનું સરનામું

"હું તમારો ચહેરો યાદ કરવા માંગું છું.
જેથી જયારે હું તમને સ્વર્ગમાં મળીશ
ત્યારે તમને ઓળખી શકું
અને ફરી એકવાર તમારો આભાર માની શકું."
જયારે ભારતીય અબજોપતિ રતનજી ટાટાને
રેડિયો પ્રસ્તુકર્તા એ
ટેલિફોન ઈન્ટરવ્યુમા પૂછયું... ?
સર જયારે જીવનની સૌથી ખુશીની ક્ષણ
મળી ત્યારે તમને શું યાદ છે... ?
રતનજી ટાટાએ કહ્યું : હું જીવનમાં
ખુશીના **ચાર તબક્કામાંથી** પ્રસાર થયો છું.
અને આખરે મને સાચા સુખનો અર્થ સમજાયો.



### પ્રથમ તબક્કો

સંપતિ અને સંશાસધનો એકઠા કરવાનો હતો.
પણ આ તબક્કે અને જોઈતુંસુખ મળ્યું નથી.

### બીજો તબક્કો

કીમતી વસ્તુઓ એકત્ર કરવાનો.
પણ મને સમજાયું કે આ વસ્તુની અસર પણ ક્ષણિક હોય છે
અને કિંમતી વસ્તુઓની ચમક પણ લાંબો સમય ટકતી નથી.

### ત્રીજો તબક્કો

મોટો પ્રોજેકટ મેળવવાનો.

તે સમયે મારી પાસે ભારત અને આફ્રિકામાં ડીઝલનો ૯૫% પુરવઠો હતો.

હું ભારત અને એશિયાની સૌથી મોટી સ્ટીલ ફેકટરીનો માલિક પણ હતો.

અહીં પણ મને એ સુખ નથી મળ્યું, જે મેં ધાર્યું હતું.

### ચોથો તબક્કો

જયારે મારા એક મિત્ર એ મને કેટલાક અપંગ બાળકો માટે વ્હીલચેર ખરીદવાનું કહ્યું.

લગભગ ૨૦૦ બાળકો, એક મિત્રના કહેવાથી મેં તરત જ વ્હીલચેર ખરીદી. પરંતુ મિત્રે આગ્રહ કર્યો કે હું તેની સાથે જાઉં અને બાળકોને વ્હીલચેર સોંપી દઉં. હું તેયાર થઈને તેની સાથે ગયો ત્યાં મેં આ બાળકોને મારા પોતાના હાથે આ વ્હીલચેર આપી.

મેં આ બાળકોના ચહેરા પર ખુશીની એક વિચિત્ર ચમક જોઈ મેં તે બધાને વ્હીલચેરમાં બેસતા, ચાલતા અને મજા કરતા જોયા.

એવું લાગતું હતું કે (રતન ટાટા પોતે) તેઓ કોઈ પિકનિક સ્પોટ પર પહોંચ્યા હતા જયાં તેઓ વિજેતા ભેટ વહેંચી રહ્યા હતાં.

મેં મારી અંદર વાસ્તવિક આનંદ અનુભવ્યો.

જયારે મેં ત્યાંથી જવાનું નક્કી કર્યું ત્યારે એક બાળકે મારો પગ પકડી લીધો.મેં ધીમે-ધીમે મારા પગ છોડાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ બાળકે મારા ચહેરા તરફ જોયું અને મારા પગને જકડી રાખ્યા મેં ઝુકીને બાળકને પૂછયું...? 'તમને બીજું કંઈ જોઈએ છે...?' આ બાળકે મને જે જવાબ આપ્યો તેનાથી મને માત્ર આઘાત જ લાગ્યો નથી પરંતુ જીવન પ્રત્યેનો મારો દ્રષ્ટિકોણ પણ સંપૂર્ણપણે બદલાઈ ગયો. આ બાળકે કહ્યું. 'હું તમારો ચહેરો યાદ કરવા માંગુ છું. જેથી જયારે હું તમને સ્વર્ગમાં મળીશ ત્યારે હું તમને ઓળખી શકું અને ફરી એકવાર તમારો આભાર માની શકું.' (સત્ય ઘટના પર આધારિત...!)

## PNR સોસાયટી દ્વારા અન્નદાન કીટ વિતરણ

PNR સોસાયટી, ભાવનગર તરફથી શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના તથા શ્રી ડી.કે. અજમેરા ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ તેમજ અન્ય દાતાઓના સૌજન્યથી, PNR સોસાયટીના જરૂરતમંદ દિવ્યાંગ પરિવારોને, નટરાજ કોલેજના ઓડિટોરિયમ ખાતેથી દિવાળી પ્રસંગે અનાજ, કરિયાણા, તેલ, મિઠાઈ વગેરેની કીટ તથા નીલકમલ કંપનીની પ્લાસ્ટિકની બે ખુરશીઓ દાતાશ્રી ડો. હરેશભાઈ અજમેરા તથા શ્રી અરૂણભાઈ કોઠારી (USA) ના સૌજન્યથી ફ્રી આપવામાં આવેલ.

૧૦૨ લાભાર્થીઓને સંસ્થાના મહાનુભાવોના હસ્તે કીટ તથા ખુરશીઓ અર્પણ કરવામાં આવેલ હતી. કાર્યક્રમમાં સ્વાગત અને સંચાલન ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા તથા અન્નદાન કીટ વિતરણ સર્વ શ્રી બાબાભાઈ, શ્રી ઈલાબેન, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી જયંતભાઈ રાજ્યગુરૂ (AT&T) વિગેરે દ્વારા કરવામાં આવેલ હતું.

# દિવ્યાંગો ઉજાળે છે અનેકની દિવાળી

## કૌશલ્ય અને વ્યવસાયિક શિક્ષણ સાથે દિવ્યાંગ બાળકો બનાવે છે અનેક વસ્તુઓ અને પ્રસાધનો

દિવ્યાંગ બાળકો માટે સારવાર, માવજત, હૂંફ જેટલી જરૂરી છે, તેટલું જ જરૂરી છે કૌશલ્ય, શિક્ષણ, પોતાની ક્ષમતા મુજબ તે પગભર થાય તે આવશ્યક હોય છે. **PNR વોકેશનલ એક્ટિવિટી સેન્ટર** આ કામ કરી રહ્યું છે. આ સેન્ટરમાં સી.પી., ઓટિઝમ, મલ્ટી ડિસેબલ્ડ દિવ્યાંગ બાળકો વિવિધ ચીજવસ્તુઓ બનાવે છે અને તેને લોકો વધાવે છે.

PNRના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ કહે છે કે, "આ વોકેશનલ એક્ટિવિટી સેન્ટરનો ઉદ્દેશ દિવ્યાંગ બાળકોને તેની ક્ષમતા મુજબ કૌશલ્ય શીખવવાનો અને સાથે વ્યવસાયિક ગુણવત્તા સાથેના ઉત્પાદનો તૈયાર કરવાનો છે. ૫૦ વધુ બાળકો આ એક્ટિવિટી સેન્ટરમાં વર્ષ દરમ્યાન હેન્ડમેડ ઓર્ગેનિક સાબુ, પરફ્યુમ, કોડિયા, હેંગિંગ, શો-પીસ, ચોકલેટ વગેરે બનાવે છે. આ માટે બાળકો અને તેમના શિક્ષકોને તાલીમ આપવા માટે મુંબઈથી શ્રી ભારતીબેન સંઘવી, શ્રી જયશ્રીબેન સંઘવીને ખાસ બોલાવવામાં આવે છે."

આ પ્રોજેકટના સંચાલક શ્રી જિજ્ઞેશભાઈ પારેખ જણાવે છે કે, "ક્રાફટ ટીચર શ્રી શિતલબેન દવે, શ્રી રીનાબેન વસોયા અને શ્રી દિપ્તીબેન રાજયગુરુના માર્ગદર્શનમાં બાળકો આ બધી આઈટમો બનાવે છે અને સંસ્થા પરથી તથા વિવિધ પ્રદર્શનોમાં સ્ટોલ દ્વારા તેનું વેચાણ કરતા હોઈએ છીએ. ઓર્ગેનિક સાબુ અને પરફ્યુમની સારી માંગ રહેતી હોય છે, દિવાળી કે અન્ય પ્રસંગોમાં કંપનીઓની માંગ મુજબ ગિફ્ટ હેમ્પર્સ પણ તૈયાર કરીએ છીએ."



PNR સોસાયટીના શ્રી બાબાભાઈ શાહ કહે છે, "અમારો ઉદ્દેશ દિવ્યાંગો દ્વારા તૈયાર થયેલ ગુણવત્તા સભર વસ્તુઓ લોકો સુધી પહોંચે, તેમાંથી દિવ્યાંગોને નફાના ૫૦% ઈન્સેન્ટિવ આપવામાં આવશે. જેથી પરિવારને આ બાળક બોજારૂપ નહીં જણાય."

# અનામ પ્રેમ

સ્થળ : રાજસ્થાન (બિકાનેર) (૨૦૨૪) તારીખ : ૨૭-૯-૨૦૨૪ થી ૩-૧૦-૨૦૨૪
સંખ્યા : ૧૧ છોકરીઓ, ૪ છોકરાઓ, ૩ શિક્ષકો કુલ - ૧૮ શાળા : શ્રી ખી.લ.બહેરા-મૂંગા શાળા
શિક્ષકો : શ્રી જલ્પાબેન ડાભી, શ્રી સંદિપભાઈ ગોસ્વામી, શ્રી ચંદ્રિકાબેન પરમાર

તા. ૨૭-૯ ના રોજ સવારે **અનામ પ્રેમ**ની ટીમ રાજસ્થાન જવા નીકળી જે તા. ૨૮-૯ ના રોજ બિકાનેર પહોંચી. અનામ પ્રેમના વોલેન્ટિયર બસમાં અમને ડાગા પેલેસ, ગંગાનગર, મૂકી ગયા. ડાગા પેલેસમાં અમારું ભવ્ય સ્વાગત ઢોલ નગારાથી થયું.

તા. ૨૮-૯ ના રોજ વિવિધ વર્કશોપ જોયા. ત્યારબાદ તા. ૨૯-૯ ના રોજ બિકાનેરમાં લક્ષ્મી પેલેસ, જૂનાગઢ પેલેસ, કરણી માતાનું મંદિર (ઉંદરોનું મંદિર) ના પ્રવાસનું આયોજન કરેલ. ત્યારબાદ સાંજે સંગીતની સ્પર્ધાનું આયોજન કરેલ હતું તેમજ વકૃત્વ સ્પર્ધાનું.

તા. ૩૦-૯ ના રોજ સવારથી જ વર્કશોપનું આયોજન હતું. તેમાં ૫૦ જેટલા વર્કશોપ હતા. જે બાળકોનો સ્કીલ ડેવલોપમેન્ટને ધ્યાન રાખી કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ ફિલ્મ મેકિંગ, **Canav** માં ડિઝિટલ માર્કેટિંગ વગેરે શીખવવાનો વર્કશોપ રાખેલ હતો. બપોરે ચિત્ર સ્પર્ધામાં આપણા બાળકોને રકમ આપી.

તા. ૧-૧૦ ના રોજ ૨૫૧૧/- વૃક્ષારોપણનો વર્લ્ડ રેકોર્ડ બધિર બાળકોના હસ્તક આયોજાયો. જે બિકાનેરની પાસે આવેલ. ગામ ૨૦૦ કિલો મીટર દૂર મેઘાસરમાં થયો. જે ડાગા પેલેસનું જ ફાર્મ હતું. ત્યારબાદ બપોરે રંગોળી સ્પર્ધા થઈ જેમાં શાળાની બે વિદ્યાર્થીનીઓનો બીજો નંબર આવ્યો. તેમજ અભિવ્યક્તિની સ્પર્ધામાં ત્રીજો નંબર આવ્યો.

તા. ૨-૧૦ ના રોજ સવારે પ્રથમ આપણી સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવી.

તા. ૩-૧૦ ના રોજ સવારે ૮:૩૦ વાગે બિકાનેરથી અમદાવાદ, અમદાવાથી એસ.ટી. થી ભાવનગર સુખરૂપ પરત આવેલ.



# ‘નટરાજ’ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

## વર્લ્ડ સેરેબ્રલ પાલ્સી અવેરનેસ ડે




દિવ્યાંગ શબ્દ સાંભળવાની સાથે જ આપણા મનમાં કંઈક ન હોવાની લાગણી જન્મ લે છે. દિવ્યાંગતા એ માનવજાતિ પર એક અભિશાપ છે. વિશ્વભરમાં દિવ્યાંગ લોકો અને તેના પુનઃર્વસનની સમસ્યા ગંભીર છે. આનુવંશિય અપંગતા, વારસાગત બીમારી, રોગો વગેરે વ્યક્તિના જીવનમાં તમામ ક્ષેત્રને ગંભીર રીતે અસરકર્તા છે તેની આનુવંશિક જન્મજાત ખોડ ખાપણ ઓટિઝમ/ સેરેબ્રલ પાલ્સી જેવી કાયમી દિવ્યાંગતાનો કોઈ ચિકીત્સકીય ઈલાજ નથી. તેથી આવી સ્થિતી કે દિવ્યાંગતા ધરાવતા બાળકોનું જન્મ પ્રમાણ ઘટે તે માટે સમાજમાં જન જાગૃતિ ફેલાવીએ, આજના સંદર્ભમાં શ્રેષ્ઠ ઉપાય છે. Prevention is Better then Cure

તા. ૫/૧૦/૨૪ના રોજ **વિશ્વ સેરેબ્રલ પાલ્સી જાગૃતિ દિવસ**નું આયોજન કરવામાં આવેલ સમગ્ર વિશ્વમાં ૬ ઓકટોબર, વર્લ્ડ સેરેબ્રલ પાલ્સી જાગૃતિ દિવસ તરીકે ઓળખાય છે. આ વખતે વર્લ્ડ સી.પી. ડે ૨૪ની થીમ **Uniquely CP** હતી. આ થીમ સેરેબ્રલ પાલ્સી ધરાવતાં લોકો તેમજ તેમના પરિવારો અને સમર્થકોનાં અનન્ય અનુભવો, જુસ્સો અને ઓળખની જાગૃતિ આપવા ભાર મુકે છે.

નટરાજ સી.પી. સ્કૂલ પણ સતત સી.પી. બાળકોનાં સર્વાંગી વિકાસ માટે હંમેશા કટિબધ્ધ છે. આ અનુસંધાને શાળામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં સમાજ સુરક્ષા ખાતા, ભાવનગર તરફથી પધારેલ શ્રી જાંબુચા સાહેબ(સમાજ સુરક્ષા અધિકારી, ભાવનગર) મુંબઈથી પધારેલા સિનિયર ફિઝીયોથેરાપીસ્ટ ડૉ.ભારતીબેન પારેખ (ઓમ રિહેબ સેન્ટર, મુંબઈ) સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટીશ્રી બાબાભાઈ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત શ્લોકગાનથી કરવામાં આવી. સી.પી. સેન્ટરનાં નાના ભૂલકાઓએ **રીંગણ તો રાજા...** અભિનયગીત, પોતાની ક્ષમતાથી ઉપર ઉઠી રજુ કર્યુ હતું, સી.પી. સ્કુલના બાળકોએ **એક મજાનો માળો** અભિનય ગીત રજૂ કરી, બધાને મંત્રમુગ્ધ બનાવી દિધા હતા. ત્યાર બાદ **સાધન સહાય વિતરણ** ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે કરવામાં આવેલ. જેમાં જાડા મેહુલ ગોરધનભાઈ ને શ્રવણ યંત્ર અર્પણ કરવામાં આવેલ. ડો.ભારતીબેન પારેખ તરફથી ૧૦ ફિઝીયોબોલની સહાય પ્રાપ્ત થયેલ, જેમાંથી બે બાળકોને ટોકન સ્વરૂપે અર્પણ કરેલ. સ્વર્ગસ્થ કાંતિભાઈ એલ. મહેતાની પુણ્ય સમૃતિમાં સી.પી. બાળકોની વકતુત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, પોસ્ટર પ્રેઝેન્ટેશન વગેરે સ્પર્ધા યોજાયેલ, જે અંતર્ગત વિજેતાઓના ઈનામ આચાર્યશ્રી જીજ્ઞાબેન દ્વારા જાહેર કરી, પ્રથમ, દ્વિતીય, તૃતિય ક્રમ આપી પ્રોત્સાહક ઈનામ આપવામાં આવેલ. સાથે નવરાત્રી ઉજવણી નિમિત્તે શાળામાં ત્રિવિધ કાર્યક્રમો જેવા કે આરતી ડેકોરેશન સ્પર્ધા, ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધા, સી.પી. બાળકો, વાલીઓ, સ્ટાફ અને તાલીમાર્થીઓ માટે યોજાયેલ તેમાં વિજેતા પ્રથમ, દ્વિતિય અને તૃતિય પ્રાપ્ત કરેલ ને ઈનામ વિતરણ આમંત્રિત મહેમાનોનાં વરદ હસ્તે કરાવવામાં આવેલ. સાથે પ્રોત્સાહિત ઈનામ પણ જાહેર કરવામાં આવેલ. આ ઈનામ વિતરણ શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા જાહેર કરવામાં આવ્યા. મુખ્ય મહેમાન શ્રી ભારતીબેન પારેખ દ્વારા પ્રાસંગોચિત ઉદ્બોધન કરવામાં આવ્યું આ કાર્યક્રમની આભાર વિધિ તથા સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ શ્રી વિભૂતીબેન વ્યાસે કરેલ.

## રક્ષાબંધન

તા.- ૧૭-૮ ના રોજ શાળામાં ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાની દિવ્યાંગ વિદ્યાર્થીનીઓએ દિવ્યાંગ ભાઈઓને રાખડી બાંધી, સાથે તિલક-ચોખા અને ચોકલેટથી મોં મિઠું કરાવી, ઉજવળ ભવિષ્યની કામના કરેલ. આ ઉજવણીમાં સી.પી. સ્કૂલ, કે.એન.શાહ ઓટિઝમ સ્કૂલ, દિશા-વિકાસ પ્રોજેકટના સી.પી., ઓટિઝમ,ઈન્ટેલએકચ્યુઅલ ડિસેબિલિટી ધરાવતા કુલ ૭૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## યુનિટ ટેસ્ટ : ૨૪

તાઃ ૧૭/૯ થી ૨૬/૯ દરમ્યાન શાળામાં યુનિટ ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ. ટેસ્ટનો મુખ્ય ઉદેશ્ય બાળકોમાં પડેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાનો અને આગામી યોજાનર સત્રાંત મુલ્યાંકન માટે બાળકોને તૈયાર કરવાનો હતો. સેરેબ્રલ પાલ્સી બાળકો, સી.પી. સાથે અન્ય

દિવ્યાંગતા પણ ધરાવે છે. જેથી તેમનો શૈક્ષણિક વિસ્તાર મર્યાદિત થઈ જાય છે, તેમને વારંવાર અભ્યાસક્રમ પુનરાવર્તનની જરૂરિયાત ઉભી થાય છે, માટે સી.પી. બાળકોની સહુલિયત માટે યુનિટ ટેસ્ટ આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ આયોજવામાં આવ્યો હતો.

## નવરાત્રી ૨૦૨૪



તા. ૪-૧૦ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કુલમા નવરાત્રી ઉત્સવની ઉજવણીના ભાગ રૂપે આરતી થાળી ડેકોરેશન સ્પર્ધા તથા ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામા આવેલ. જેના અંતર્ગત આરતી થાળી ડેકોરેશન સ્પર્ધા અંતર્ગત ૫- દિવ્યાંગ વિદ્યાર્થીઓ, ૭-વાલીઓ તથા ૧૫- જેટલા કર્મચારીઓએ ભાગ લીધેલ તથા ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધા અંતર્ગત ૩૦- દિવ્યાંગ વિદ્યાર્થીઓ, ૧૫-વાલીઓ તથ ૧૫-કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ તથા આ બન્ને સ્પર્ધા અંતર્ગત બાળકો, વાલીઓ તથા કર્મચારી ગણ એમ ત્રણ વિભાગમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબર આપી, આકર્ષક ઈનામો વડે નવાજવામા આવેલ.ઉપરાંત બન્ને સ્પર્ધામાંથી ત્રણેય વિભાગમાં ૫-૫ પ્રોત્સાહન ઈનામ આપી સ્પર્ધકોના ઉત્સાહમાં વધારો કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનો ખર્ચ દાતા સ્વ. શ્રી તારામતીબેન ભૂપતરાય દોશીના સ્મરણાર્થે, શ્રીમતી હર્ષાબેન હરેન્દ્રભાઈ સંઘવી તથા શ્રી હરેશભાઈ દોશી તરફથી, નવરાત્રી આરતી ડેકોરેશન કોર્પસ ફંડમાંથી કરવામા આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ મદદનીશ શિક્ષક શ્રી તૃપ્તિબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

## મેટ્રિક્સ થેરાપી કેમ્પ

તા. ૪,૫, ૬-૧૦ ના રોજ **સી.પી. ડે સેલિબ્રેશન** અંર્તગત, પી.એન.આર. નટરાજ સી.પી.સ્કૂલ દ્વારા **મેટ્રિક્સ થેરાપી કેમ્પ** કરવામાં આવેલ હતો. ભાવનગરમાં એકમાત્ર એવી આ સંસ્થા છે., જયાં મેટ્રિક્સ થેરાપી સારવાર ઉપલબ્ધ છે. જેમાં મેટ્રિક્સ થેરાપીના નિષ્ણાત ડો. ભારતીબેન પરીખ (મુંબઈ) દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ પી.એન.આર. રિસોર્સ સેન્ટર (સિહોર, તળાજા, મહુવા, પાલીતાણા, વિદ્યાનગર) અને નટરાજ સી.પી.સ્કૂલ તથા દિશા કમ વિકાસ પ્રોજેકટના થેરાપિસ્ટ માટે પણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ જન્મ પહેલા અને પછી, સ્નાયુઓની અકડન ધરાવતા બાળકો તથા સ્નાયુઓની તકલીફ જેવી કે કમરનો દુઃખાવો ગરદનની અકડન, ફ્રોઝન શોલ્ડર, પેરાલિસીસમાં મેટ્રિક્સ થેરાપીના ઉપયોગ માટે માર્ગદર્શન આપ્યું હતું. જેમનું આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ ડૉ. વંદના દેવાણી, ડૉ. દ્રષ્ટિ ભટ્ટ અને ડૉ. વિધિ વાકાણી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો.

# રિસોર્સ સેન્ટર સમાચાર

## તળાજામાં જન્મદિવસ અને નવરાત્રી પર્વની ઉજવણી

શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત, શ્રી એન.આર. શાહ મેમોરિયલ હોસ્પિટલ તળાજા ખાતે ચાલતા, મગજના લકવાગ્રસ્ત તેમજ મંદબુદ્ધિ દિવ્યાંગ બાળકોના સારવારના કેન્દ્ર ઉપર, દર વર્ષની જેમ આ વર્ષે પણ માતાજીની આરાધનાનું પર્વ નવરાત્રીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી સેન્ટરના સ્પે. શિક્ષક શ્રી પંકજભાઈ કટકિયાના પુત્ર સાર્થકના જન્મદિવસની ઉજવણી દિવ્યાંગ બાળકો સાથે કરવામાં આવી હતી. તેમજ બાળકો અવનવા ટ્રેડિશનલ ડ્રેસમાં તૈયાર થઈને ગરબે રમ્યાં હતાં. કાર્યક્રમમાં ભાગ લીધેલ તમામ બાળકોને પ્રોત્સાહન રૂપી ગિફ્ટ, તેમજ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો તમામ ખર્ચ સેન્ટરના શ્રી પંકજભાઈ કટકિયા તેમજ શ્રી ગ્રીષ્મરાજસિંહ વાળા, આ બંને મિત્રો દ્વારા કરવામાં આવ્યો હતો.?


## મહુવામાં નવરાત્રી પર્વની ઉજવણી

પી.એન.આર. સોસાયટી સંચાલિત, મહુવા વિકલાંગ સારવાર કેન્દ્ર ખાતે, દર વર્ષની જેમ આ વર્ષે પણ માતાજીની આરાધનાનું પર્વ નવરાત્રીની ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી. ટ્રેડિશનલ ડ્રેસ અને આરતી ડેકોરેશનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે નાઝિરાબેન લાંગડા દ્વારા બાળકોને સૂકો નાસ્તો આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્મિતાબેન ટાપણિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાલીતાણામાં નવરાત્રી પર્વની ઉજવણી

પી.એન.આર. સોસાયટી સંચાલિત, પાલીતાણા વિકલાંગ સારવાર કેન્દ્ર ખાતે, તા. ૭-૧૦ ના રોજ નવરાત્રી ઉત્સવનું ભક્તિભાવ સાથે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં દિવ્યાંગ બાળકોનાં ટ્રેડિશનલ ડ્રેસ આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. બાળકો સાથે વાલીઓ પણ ટ્રેડિશનલ ડ્રેસમાં આવ્યા હતા અને મન મૂકીને મા આદ્યાશક્તિની આરાધના સાથે ગરબે ઘુમ્યા હતાં. કાર્યક્રમના અંતે માની આરતી, પ્રસાદી અને પ્રોત્સાહિત ઈનામો પણ આપવામાં આવ્યાં હતાં. સાથે સૂકા નાસ્તાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન અને સંકલન શ્રી કૈલાસબેન વાઘેલાએ કરેલ, સાથે ડો. અવંતીકાબેન જોડાયેલ. આમાં કુલ ૨૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

## અભ્યાસક્રમના આદાન-પ્રદાન અંગે રીયલ વર્કશોપ

તા. ૧૪-૧૦ ના રોજ ઈન્કલુઝિવ સ્કૂલ અને 'અંકુર' સ્કૂલના સંયુકત ઉપક્રમે 'અંકુર' સ્કૂલમાં **અભ્યાસક્રમના આદાન-પ્રદાન અંગે રીયલ વર્કશોપ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં હાઈટેક સ્કૂલના ચેરમેન અને મહિલા કોલેજના નિવૃત પ્રિન્સિપાલ શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ, ઈન્કલુઝિવ સ્કૂલના અને 'અંકુર' સ્કૂલના આચાર્યશ્રીઓ તથા શિક્ષકો ઉપસ્થિત રહેલ. વર્કશોપની શરૂઆત કરતા પહેલા શ્રી રેશ્માબેન શાહ દ્વારા હાઈટેક સ્કૂલના આચાર્યશ્રી અને શિક્ષકોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ વર્કશોપની શરૂઆત સૌ પ્રથમ સ્વપરિચયથી કરવામાં આવેલ. તેમજ ધંધુકિયા સર દ્વારા વર્કશોપનો હેતુ શું છે ? તેની માહિતી આપેલ. ત્યારબાદ 'અંકુર' સ્કૂલના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા અભ્યાસક્રમ અને પાઠયક્રમમાં શું તફાવત છે ? તેની વ્યાપક માહિતી આપેલ. તેમજ ઈન્કલુઝિવ સ્કૂલમાં સામાન્ય બાળક સાથે દિવ્યાંગ બાળકને અભ્યાસ કરાવતી વખતે કઈ-કઈ સમસ્યાનો સામનો કરવો પડે છે ? અથવા બાળકને કેવા પ્રકારની ડિસેબિલિટી છે, તે જાણી તેને કેવા પ્રકારની પ્રવૃત્તિ કરાવવી ? તેની માહિતી 'અંકુર' સ્કૂલના શિક્ષકોએ આપેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## જુનિયર રેડક્રોસ અંતર્ગત ચિત્ર, નિબંધ સ્પર્ધા

સ્કૂલમાં 'જુનિયર રેડક્રોસ યુનિટ' અંતર્ગત તા.૧૯-૯ ના રોજ રક્તદાન, અંગદાન અને ચક્ષુદાન જન જાગૃતિના કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધા, નિબંધ, લેખન અને પોસ્ટર પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની પ્રેરણા સ્કૂલના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા આપવામાં આવી હતી. સ્પર્ધામાં વિજેતા બનેલ વિદ્યાર્થીઓને રેડક્રોસ દ્વારા ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## સ્વચ્છતા હી સેવા અંતર્ગત રેલી

સ્કૂલમાં **જુનિયર રેડક્રોસ** પ્રવૃત્તિના ભાગરૂપે 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત તા.૧૮-૯ ના રોજ સ્વચ્છતા અંતર્ગત વિવિધ સ્લોગન સાથે રેલી કાઢવામાં આવેલ. આ રેલીમાં ધો. ૪ થી ૮ ના દરેક વિદ્યાર્થીઓ જોડાયા હતાં. વિદ્યાર્થીઓ દ્વારા 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા', 'ગંદકી ભગાવો સ્વચ્છતા લાવો' ના નારા સાથે લોકોને જાગૃતિ માટે સંદેશો આપેલ. ઘર, શાળાને સ્વચ્છ રાખવી, તન સ્વચ્છ તો મન સ્વચ્છનો વિચાર, દરેક વિદ્યાર્થીઓમાં કેળવાય તેમજ આજુબાજુના લોકોમાં પણ સ્વચ્છતા અંગેની જાગૃતતા ફેલાય તે હેતુથી આ રેલીનું આયોજન કરવામાં આવેલ.

## પિંક ડેની ઉજવણી




સ્કૂલમાં બાલમંદિર વિભાગમાં 'પિંક ડે' નું આયોજન કરેલ. જેમાં બાલમંદિરના બાળકો અને શિક્ષકો પિંક રંગના વસ્ત્ર પરિધાન કરીને આવેલ. આ પ્રસંગે પિંક કલરની રંગપૂરણી કરાવેલ તેમજ પિંક વસ્તુ જેવી કે, ફૂગ્ગો, પતંગિયુ, પતંગ, આઈસ્ક્રીમની પિંક કલર સાથે ઓળખ સ્માર્ટ બોર્ડ દ્વારા આપવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમમાં શ્રી હિનાબેન વેદાણી અને શ્રી પ્રિયાંશીબેનનો સહયોગ મળેલ હતો.

## સ્વચ્છતા હી સેવા અંતર્ગત ચિત્ર અને નિબંધ સ્પર્ધા

સ્કૂલમાં તા. ૨૧-૯ ના રોજ જુનિયર રેડક્રોસ પ્રવૃત્તિના ભાગરૂપે 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત ચિત્ર અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીમાં સ્વચ્છતાના ગુણ કેળવવાનો હતો. આ કાર્યક્રમની પ્રેરણા શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા આપવામાં આવેલ. ત્યારબાદ ચિત્ર સ્પર્ધામાં ધો. ૧ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ડાભી તીર્થ કેતનભાઈ અને નિબંધ સ્પર્ધામાં ધો. ૭ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ઝડફિયા સિયા મુકેશભાઈને પ્રથમ ક્રમાંક વિજેતા જાહેર કરવામાં આવેલ. તેમજ આ વિજેતા વિદ્યાર્થીને ઈનામ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## સ્વચ્છતા હી સેવા અંતર્ગત, એક પેડ મા કે નામ




સ્કૂલમાં 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત તા. ૨૯-૯ ના રોજ 'એક પેડ મા કે નામ' ની થીમ મુજબ શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કરેલ. જેમાં આપના

જીવનમાં 'મા' નું મહત્વ છે ? તેમ વૃક્ષોનું પણ મહત્વ છે. 'એક વૃક્ષ અનેક જિંદગી' આવા સ્લોગનો સાથે વૃક્ષોનું જતન અને જાળવણી કરવી તેમજ આ ફરજ દરેક વિદ્યાર્થીઓમાં કેળવાય તે હેતુથી આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ. આ ઉપરાંત લીમડાના છોડને વાવીને લીમડાના ગુણધર્મો વિશેની પણ માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી પ્રિયાંશીબેન અને શ્રી કાજલબેનનો સહયોગ મળેલ.

## રાષ્ટ્રિય પોષણ માહ અંતર્ગત નિબંધ અને ચિત્ર સ્પર્ધા

સ્કૂલમાં તા. ૨૭-૯ ના રોજ 'રાષ્ટ્રિય પોષણ માહ' ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં 'શ્રી અન્ન એ પોષકતત્વનું પાવર હાઉસ છે.' વિષય પર નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચિત્ર અને નિબંધ દ્વારા બાળકોને સંદેશો આપવામાં આવેલ કે અન્ન આપણા જીવનમાં કેટલું જરૂરી છે ? તેમજ કેવા પ્રકારના વિટામીન મળી રહે, તેની માહિતી આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને ત્રણ-ત્રણ ક્રમાંક આપવામાં આવેલ. નિબંધ સ્પર્ધામાં ધો. ૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની વિરડીયા મોક્ષી હરેશભાઈએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ. જયારે ચિત્ર સ્પર્ધામાં ધો. ૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી મિયાત્રા સોહમ વિપુલભાઈએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ.

## રાષ્ટ્રિય પોષણ માહ અંતર્ગત રેલી




સ્કૂલમાં 'રાષ્ટ્રિય પોષણ માહ' અંતર્ગત તા. ૨૮-૯ ના રોજ 'પોષણ ભી પઢાઈ ભી' ની થીમ મુજબ રેલી વિવિધ સ્લોગન સાથે કાઢવામાં આવેલ. આ રેલીમાં ધો. ૪ થી ૮ ના દરેક વિદ્યાર્થીઓ જોડાયા હતાં. વિદ્યાર્થી દ્વારા પોષણને લગતા વિવિધ સ્લોગનના નારા લગાવવામાં આવ્યા હતાં. 'ઘર કા આહાર અમૃત સમાન, સહ સ્વાસ્થ્ય કે લીયે હે વરદાન', 'સુપોષિત હોગા જબ હર બચ્ચા, ભવિષ્ય હોગા તબ સચ્ચા' જેવા સ્લોગનોમાંથી પૌષ્ટિક આહાર ખાવો જોઈએ અને જંકફૂડ ત્યજવા જોઈએ, જેથી આપણું શરીર તંદુરસ્ત રહેશે તો તંદુરસ્ત મને અભ્યાસ કરી શકીએ. આ વિચાર દરેક વિદ્યાર્થીઓમાં કેળવાય તેમજ આજુબાજુના લોકોમાં પણ સુપોષણ અંગે જાગૃતતા ફેલાય તે હેતુથી આ રેલીનું આયોજન કરવામાં આવેલ.

## 'GKIQ' પરીક્ષા

સ્કૂલમાં તા. ૨૯-૯ ના રોજ શાળામાં GKIQ ની પરીક્ષા યોજવામાં આવેલ. આ પરીક્ષામાં ધો. ૯ થી ૧૨ ના કુલ ૭૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આ પરીક્ષા યોજવાનો મુખ્ય હેતુ બાળકોમાં તર્કશક્તિ, વિચાર શક્તિ તેમજ દેશમાં બનતી અવનવી ઘટનાથી માહિતગાર થાય તે છે. આ ઉપરાંત ભવિષ્યમાં કારકિર્દીને લગતી પરીક્ષામાં જનરલ નોલેજ મદદદરૂપ થાય તે હેતુથી પરીક્ષા યોજવામાં આવેલ.

## સાધન સહાય વિતરણ

સ્કૂલમાં તારીખ. ૩૦-૯ ના રોજ નટરાજ ઓડિટોરિયમ હોલમાં વિવિધ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઈન્કલુઝિવ સ્કૂલમાં અભ્યાસ કરતા ધો. ૧,૩,૬ ના વિદ્યાર્થીઓ દ્વારા 'વો ક્રિષ્ના હે' ગીત પર કૃતિ રજૂ કરવામાં આવેલ. આ પ્રસંગે ઈન્કલુઝિવ સ્કૂલમાં અભ્યાસ કરતા ધો. ૭ ના વિદ્યાર્થી ગોહિલ દર્શન, ધો. ૬ ની વિદ્યાર્થીની પઠાણ મહેક અને ધો. ૨ ના વિદ્યાર્થી ભટ્ટ દીપને એજ્યુકેશન કીટ વિતરણ કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પી.એન.આર. સંસ્થા દ્વારા કરવામાં આવેલ.

## સ્વચ્છતા હી સેવા અંતર્ગત વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિ

સ્કૂલમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત તારીખ. ૧-૧૦ ના રોજ 'વેસ્ટમાંથી બેસ્ટ' ની પ્રવૃત્તિનું આયોજન કરેલ. જેમાં બાલમંદિર અને ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા કાગળમાંથી અને વેસ્ટ પ્લાસ્ટિકની બોટલમાંથી હોડી, કાગળ અને કેન્ડી સ્ટીકમાંથી ફોટો ફ્રેમ, પેન સ્ટેન્ડ બનાવેલ. વિદ્યાર્થીઓમાં વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવીને તેનો સુશોભન તરીકે અને વ્યવહારુ જીવનમાં ફરીથી ઉપયોગ કરી શકાય તેના ગુણ અને સમજ કેળવાય અને સાથે-સાથે વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવીને તેનો ફરીથી ઉપયોગ કરવાથી પર્યાવરણને થતું નુકશાન પણ અટકાવી શકાય તેનું માર્ગદર્શન પણ મેળવેલ. આ સમગ શ્રી પ્રિયાંશીબેન, શ્રી કાજલબેનનો સહયોગ મળેલ.

## આરતી થાળી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ

સ્કૂલમાં તા. ૭-૧૦ ના રોજ નવરાત્રિના પાવન પર્વ પર, મા દુર્ગાની આરાધના કરવામાં આવી હતી. તે દિવસે બાલમંદિર થી ધો. ૮ માં **થાળી ડેકોરેશન**ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેમાં દરેક વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાંથી બેસ્ટ ડેકોરેશન કરનારને ૧ થી ૩ ક્રમાંક આપવામાં આવેલ. જેમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર બાલમંદિરની વિદ્યાર્થીની ડોડિયા ખુશાલી જિજ્ઞેશભાઈ, દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર ધો. ૭ ની વિદ્યાર્થીની ઝડફિયા સિયા મુકેશભાઈ અને તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરનાર ધો. ૧ ની વિદ્યાર્થીની ગોહિલ પ્રિયાંશીબા અર્જુનસિંહ આ ત્રણેય વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

## સ્વાદની પરખ તેમજ અનાજ, કઠોળની ઓળખ

સ્કૂલમાં તા. ૮-૧૦ ના રોજ ધો. ૧ થી ૩ માં સ્વાદ પરખ તેમજ કઠોળની ઓળખની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. બાલમંદિર તેમજ ધો. ૧ થી ૩ ના વિદ્યાર્થીઓને ઈન્દ્રિય શિક્ષણ આપવા માટે સ્વાદ પરખની પ્રવૃત્તિ કરેલ. જેમાં મુખ્ય છ સ્વાદ જેવા કે, ખારો, તીખો, ગળ્યો, કડવો, તુરો અને ખાટો વગેરે સ્વાદની અનુભૂતિ કરાવેલ. તેમજ ધો. ૧ ના વિદ્યાર્થીઓને અનાજ અને કઠોળનું વર્ગીકરણ કરાવેલ. જેમાં ઘઉં, મગ, અડદ, ચણા અને દાળ વગેરે મિકસ કરી બાળકોને ગમ્મતની સાથે અનાજ અને કઠોળની ઓળખ, તેના રંગની ઓળખ, તેમજ તેની સાથે ગણતરી પણ કરી શકે તે માટે પ્રવૃત્તિ કરાવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ.

## પ્રભુ મહાવીરના ૨૫૫૦માં નિર્વાણ વર્ષ નિમીત્તે નિબંધ સ્પર્ધા

સ્કૂલમાં તા. ૯-૧૦ ના રોજ **'પ્રભુ મહાવીર ૨૫૫૦ માં નિર્વાણ વર્ષ'** નિમીત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પ્રભુ મહાવીરનું જીવન અને ઉપદેશો, પોતાની વિચારશક્તિ પ્રમાણે, પોતાનો ભાવ, સરસ મૌલિક નિબંધ લખીને વ્યકત કર્યો હતો.

## વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ


સ્કૂલમાં તા. ૧૦-૧૦ ના રોજ 'ગુજરાત રાજ્ય યોગ બોર્ડ' દ્વારા




'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ' નિમીત્તે ધ્યાન અને યોગ શિબિરમાંથી શ્રી જિલ્લા અને મહાનગરપાલિકાના કો-ઓર્ડિનેટર શ્રી હેતલબેન કાછડિયા તથા જિલ્લા સોશિયલ મિડીયા D.C. કો-ઓર્ડિનેટર શ્રી હેતલબેન પટેલ દ્વારા, ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને પ્રાણાયમ અને યોગ વિશેની બેઝિક માહિતી આપવામાં આવી હતી. તેમજ અનુલોમ-વિલોમ, પ્રાણાયમ, બ્રાહ્મહી પ્રાણાયમ, તાડાસન, વૃક્ષાસન, અર્ધચક્રાસન, હસ્તપાદાસન જેવા આસનો વિદ્યાર્થીઓને શીખવવામાં આવ્યા હતાં. રોજિંદા જીવનમાં પ્રાણાયમ અને યોગ નિયમિત કરવાથી ઘણા ફાયદા થાય છે, તેની સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. નશામુક્તિ અભિયાન કાર્યક્રમમાં લોકો નિરોગી રહે અને રાજયના દરેક નાગરિકને સ્વસ્થ જીવનશૈલી અને નીરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. ગુજરાત રાજ્ય બોર્ડ દ્વારા હાલમાં ચાલી રહેલ માનસિક સ્વાસ્થ્ય હેતુ ધ્યાન અને યોગ શિબિર તથા નશામુક્તિ અભિયાન અંતર્ગત આ કાર્યક્રમ યોજવામાં આવેલ.

**નોંધ :** ઉપરોકત તમામ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા તથા શ્રી દક્ષાબેનના માર્ગદર્શન હેઠળ દરેક શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દિશા કમ વિકાસ પ્રોજેકટ દિવ્યાંગો માટે આશા કિરણ



✍ અમિત મિત્રા

## વોકેશનલ એક્ટિવિટી :

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેકટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત સપ્ટેમ્બર માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ અક્ટિવિટીમાં વિવિધ સુગંધ અને કદના સાબુનું પેકિંગ કરતા, ચોકલેટ, લોલીપોપ બનાવતા, ચોકલેટને ગીફ્ટ પેકિંગ કરતા, અગરબત્તિ અને ધુપસ્ટિક પેકિંગ કરતા બાળકોને શીખવવામાં આવ્યું હતું.

## લોકલ પ્રોજેકટ કમિટી મિટીંગ :

તા.૨૯/૮ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેકટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. સંસ્થામાં ૧૫મી ઓગસ્ટની ઉજવણીમાં ભાગ લેવા, નવા બાળકોને એડમિશન આપવા, રક્ષાબંધનની ઉજવણી કરવા બાબત. સી.પી. સ્કૂલ અંતર્ગત ગણેશચતુર્થીની ઉજવણીમાં ભાગ લેવા બાબત, લાભાર્થી બાળકોનાં વાલીઓને ફિઝીયોથેરાપી, મેટ્રિક્સથેરાપી તથા સ્પીચથેરાપીનું માર્ગદર્શન આપવા, જે બાળકોના મેડીકલ સર્ટીફીકેટ અથવા વાલીનો આવકનો દાખલો રીન્યુ કરાવવાનો હોય તેઓને માર્ગદર્શન આપવા બાબત.



# સકસેસ સ્ટોરી



**બાળકનું નામ :-** ગોહેલ દર્શન રમેશભાઈ

**ઉંમર :-** ૧૨ વર્ષ

**સમસ્યા :-** ઈન્ટેલએકચ્યુઅલ ડિસેબિલિટી

**શિક્ષકનું નામ :-** બીનાબેન એ. જાની (સ્પે. શિક્ષક)

### સારવાર પહેલાં :

જ્યારે બાળક દિશા કમ વિકાસ પ્રોજેકટમાં આવ્યું ત્યારે ચંચળ તથા બીજા સાથે મર્યાદિત વાતચીત કરતું હતું. બાળકમાં ભાષા વિકાસ ઓછો હોવાથી બીજા સાથે હળતું-મળતું ન હતું. બાળકને પ્રિ-રાઈટિંગ સ્કીલ ઓછી હતી. વિવિધ કોમન ઓબજેકટસની ઓળખ ઓછી હતી. વગેરે પ્રવૃત્તિમાં ભાગ ઓછું લેતું હતું.

### સારવાર બાદ :

૧ વર્ષની સતત ટ્રેનિંગ બાદ બાળકમાં ઘણો સુધારો જોવા મળેલ છે બાળક ઈન્કલ્યુઝીવ હાઈટેક સ્કુલમાં ધો.૭માં અભ્યાસ કરે છે. રેગ્યુલર સ્કુલ તથા પ્રોજેકટમાં આવે છે. બાળક હવે ૧ થી ૫૦ સંખ્યા મુળાક્ષર, આલ્ફાબેટ તથા સાદી ગણતરી તથા પોતાનું નામ લખતાં શીખી ગયો છે. આમ, બાળકને રોજીંદી શૈક્ષણિક તાલીમ બાદ ઘણો સુધારો જોવા મળે છે.



# DSE M. D.

✍ દિવ્યાબેન પટોરિયા

### ૧૫મી ઓગસ્ટ - ૨૦૨૪

થીમ :- “વિકસીત ભારત” પી.એન.આર. નટરાજ કોલેજ ખાતે ૭૮ મા સ્વાતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ડી.એસ.ઈ. (એમ.ડી.)ના દ્વિતીય વર્ષના વિદ્યાર્થી ભવ્ય મહેતા દ્વારા દેશભક્તિ ગાન પ્રસ્તુત કરવામાં આવેલ. વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ડી.એસ.ઈ. (એમ.ડી.)ના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓએ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન વોલેન્ટીયર તરીકે કાર્ય કરેલ હતું.

### જન્માષ્ટમી ઉત્સવ

પી.એન.આર. નટરાજ કોલેજ ખાતે તાઃ ૨૨-૮ ના રોજ જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ઓડિટોરીયમ ખાતે સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડી.એસ.ઈ. (એમ.ડી.)ના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ પરફોમન્સ કરવામાં આવેલ. ત્યાર બાદ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા અને કાર્યક્રમનાં અંતે મટકી ફોડવામાં આવી અને સમૂહમાં બધા ગરબા રમ્યા હતાં. અને દરેક વ્યક્તિએ ઉત્સાહ પૂર્વક કાર્યક્રમને માણ્યો હતો.

### સ્વચ્છ ભારત અભિયાન - ૨૦૨૪

થીમ :- “સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા” સ્વચ્છ ભારત મિશન, **સ્વચ્છતા હી સેવા ઝુંબેશ ૨૦૨૪**ની ૧૦મી વર્ષગાઠની ઉજવણી નિમીત્તે પી.એન.આર. નટરાજ કોલેજ ખાતે ડી.એસ.ઈ. (એમ.ડી.)ના કોર્સ કો-ઓર્ડિનેટર દિવ્યાબેન પટોરિયા દ્વારા ડી.એસ.ઈ. (એમ.ડી.)ના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ સાથે પી.એન.આર. કેમ્પસ ખાતે તા. ૦૧/૧૦/૨૪ના મંગળવારના રોજ સાફ સફાઈ કરવામાં આવી હતી.

### વિઝીટ રીપોર્ટ

તાઃ ૧૭-૮ ના રોજ પી.એન.આર. નટરાજ કોલેજ ખાતે ચાલતા ડી.એસ.ઈ. (એમ.ડી.)ના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓને સી.પી. સ્કૂલના શિક્ષક કાર્તિકભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ, પાલીતાણા સેન્ટર અને સિહોર સેન્ટરની વિઝીટ કરવામાં આવ્યું હતું. વિઝીટ દરમિયાન પાલીતાણા સેન્ટર ખાતે શ્રી કૈલાસબેન અને સિહોર સેન્ટર ખાતે શ્રી ભાવિકાબેન દ્વારા વિદ્યાર્થીઓને સેન્ટરની વિઝિટ દરમિયાન બાળકો વિશેની જાણકારી અને સેન્ટર ખાતે ચાલતાં ફિઝિયોથેરાપી રૂમ, ઓકયુપેશનલ રૂમ, એ.ડી.એલ. રૂમ અને સ્પેશયલ એજ્યુકેશન રૂમની માહિતી આપવામાં આવેલ. અને ડી.એસ.ઈ. (એમ.ડી.)ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને શ્રી દિવ્યાબેન પટોરિયાના માર્ગદર્શન હેઠળ તળાજા અને મહુવા વિઝીટ કરાવવામાં આવી હતી. તળાજામાં શ્રી પંકજભાઈએ સેન્ટરની વિઝીટ કરાવી હતી અને પ્રિ-રક્ષાબંધન સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું, મહુવામાં ડો. કનીઝ બદામીએ સેન્ટરની વિઝીટ અને બાળકો વિશેની માહિતી આપી હતી.

### ટીચર્સ ડે

થીમ :- “Valuing Teacher Voices” Towards a new social Contract for Education **વિશ્વ શિક્ષક દિવસ** તા. ૦૫-૯ ના રોજ પી.એન.આર. નટરાજ કોલેજ માં ડી.એસ.ઈ. (એમ.ડી.)ના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા ઉજવવામાં આવેલ. કોર્સ કો-ઓર્ડિનેટર દિવ્યાબેન પટોરિયાના માર્ગદર્શન હેઠળ તમામ વિદ્યાર્થીઓએ સી.પી. સ્કૂલ ખાતે શિક્ષક દિન નિમીત્તે વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું હતું.

# PNR હોસ્પિટલ

**ઓગસ્ટ 2024 દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

✍ મહાસુખભાઈ જકડિયા



| વિભાગ | તપાસેલ દર્દીની | પ્રોસિજર | ઓપરેશન સંખ્યા |
|---|---|---|---|
| ● ઓર્થોપેડિક | 222 | 54 | 09 |
| ● આંખ | 1380 | - | 349 |
| ● છારી | 54 | - | - |
| ● ઈ.એન.ટી. | 467 | 37 | 05 |
| ● હેર ટ્રાન્સપ્લાન્ટ | 12 | - | 08 |
| ● આર્થોસ્કોપી | 47 | - | - |
| ● ડેન્ટલ | 156 | 170 | - |
| ● લેબોરેટરી | 442 | 1547 (ટેસ્ટ) | - |
| ● પીડિયાટ્રિક ડેન્ટલ | 03 | 06 | - |
| ● ચામડી | 46 | 01 | - |
| ● પ્લાસ્ટિક સર્જરી | 23 | - | 04 |

| વિભાગ | તપાસેલ દર્દીની |
|---|---|
| ● જનરલ ઓપીડી | 685 |
| ● એક્ષ-રે | 119 |
| ● આંખના પડદા | 27 |
| ● M. D. ફિઝીશ્યન | 32 |

- આ માસ દરિમયાન કુલ 4626 દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.
- આ મહિનામાં સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ 139 લાભાર્થીઓએ રૂા. 10,525/- ની સહાય મેળવેલ છે તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ 21 લાભાર્થીઓએ રૂા. 2,920/- ની સહાય મેળવેલ છે.

## નેત્ર ચિકિત્સા કેમ્પ

PNR સોસાયટી સંચાલિત હોસ્પિટલ ઉપક્રમે, સ્વ. નૌતમલાલ ત્રિકમદાસ ડેલીવાળાની સ્મૃતિમાં નેત્ર ચિકિત્સા કેમ્પ તા. 6-10 ને રવિવારના રોજ ઈસ્કોન મંદિર પરિસર, સીદસર રોડ, ભાવનગર ખાતે યોજાયેલ હતો. જેમાં 60 દર્દીઓની તપાસ થતા, 20 દર્દીને નેત્રમણી મૂકી, ટાંકા વગરના ફંકો પધ્ધતિથી નિ:શૂલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે. આ પ્રસંગે ઈસ્કોન મંદિરના મુખ્યાશ્રીના આશીવર્ચન પ્રાપ્ત થયેલ. શ્રી શંભુભાઈ ગુજરાતીએ કેમ્પની તમામ સુવિધા કરી, જાતે આગવી સેવા આપેલ.

કેમ્પની સફળતા માટે PNR હોસ્પિટલના શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી નીલેશભાઈ ચલાળિયા, શ્રી આનંદભાઈ શાહ તથા દાતા પરિવારના શ્રી પ્રકાશભાઈ, શ્રી હરકાંતભાઈ, શ્રી અતુલભાઈ ડેલીવાળા ઉપસ્થિત રહ્યાં હતાં. હોસ્પિટલના તજજ્ઞ ડો. કિંજલબેન જૂલાસણા તથા સ્ટાફ પરિવાર શ્રી ચેતનભાઈ રાણા, શ્રી રાજેશભાઈ ઉપાધ્યાય, શ્રી અલ્જીરાબેને સરાહનીય સેવા આપેલ.

## PNR હોસ્પિટલની મુલાકાત



શ્રી કૃષ્ણકાંતભાઈ ચિતલીયા PNR સોસાયટીના પ્રમુખશ્રીના આમંત્રણથી, શ્રી ભાગ્યેશભાઈ ઝા (IAS નિવૃત્ત અધિકારી) જે સમાજ સેવામાં વ્યસ્ત છે, તેઓશ્રી તા. ૧૮-૧૦ ના રોજ PNR હોસ્પિટલની મુલાકાતે આવેલ હતા. આ પ્રસંગે શ્રી બાબાભાઈ, શ્રી પારસભાઈ, શ્રી મહાસુખભાઈ, શ્રી રાખશિયાભાઈ, શ્રી નીલેશભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓશ્રીએ સંસ્થાનો પરિચય મેળવેલ, દિવ્યાંગો માટેની પ્રવૃત્તિથી તેઓ પ્રભાવિત થયેલ. તેઓશ્રી ગીતાના તત્વ ચિંતક અને સર્વેના જીવનમાં ઉપસ્થિત થતા પ્રશ્નો પ્રત્યે માર્ગદર્શન નિરાકરણ મળતું રહે, તેવા આધ્યાત્મિક લેખ દ્વારા તેઓ સૌના પરિચિત રહ્યાં છે.

# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

✍ જીજ્ઞેશ પારેખ



## 1. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :

તા. ૧ થી ૫ સપ્ટેમ્બર `૨૪ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેકટ અન્વયે, પ્લાસ્ટિક સર્જરી કેમ્પ નું આયોજન, દાતાશ્રી LKP FINANCE LTD., MUMBAI ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૨૩ બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૧ કપાયેલાં હોઠ, ૨ તાળવામાં કાણું અને ૧ હાઈપોસ્પેડિયા એમ કુલ ૦૪ ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.


## 2. ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે. ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ :

સંસ્થા દ્વારા પ્રવીણચંદ્ર દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્શન સેન્ટરમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે. ના આર્થિક સહયોગથી આ પ્રોજેકટ શરૂ કર્યો છે. આ પ્રોજેકટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોની આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો, તેમજ કાનમાં ઈયર ડિસચાર્જ બાળકોને ડૉકટર દ્વારા નિદાન કરી, તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

સપ્ટેમ્બર'૨૪ દરમિયાન ભાવનગર જિલ્લાના, પાલિતાણા તાલુકાની પ્રાથમિક શાળાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૯૦૯૩ બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા ૪૦૯ બાળકો જોવા મળ્યાં હતાં. તેમાંથી ૩૨૪ બાળકોને ચશ્માની જરૂરિયાત હોય સંસ્થા દ્વારા બનાવી વિતરણ કરવામાં આવ્યાં અને કાનની વિવિધ તાકલીફવાળા ૨૨૪ બાળકો જોવા મળ્યાં હતાં. તે પૈકી વધારાની ટ્રીટમેન્ટ માટે PNR હોસ્પિટલમાં કાનના નિદાન સારવાર માટે રિફર કર્યા, તેમાંથી સંસ્થાની હોસ્પિટલમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) Tympanoplasty અને Mastoidectomy With Tympanoplasty દ્વારા ૦૫ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી હતી.

# અંબા સી.પી. હોસ્ટેલ

## સપ્ટેમ્બર-ઓકટોબર-૨૦૨૪



✍ લાલજીભાઈ પંડ્યા

નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ.

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૮-૯ ના રોજ શ્રી રાધા ક્રિષ્ણ મંડળ તરફથી...
- તા. ૨૧-૯ ના રોજ શ્રી ભદ્રેશભાઈ જાની તરફથી...
- તા. ૨૧-૯ ના રોજ શ્રી જલ્પેશભાઈ માણિયા તરફથી...
- તા. ૨૨-૯ ના રોજ શ્રી દીપકભાઈ ભટ્ટી તરફથી...
- તા. ૨૩-૯ ના રોજ શ્રી હેમલતાબેન મહેતા તરફથી...
- તા. ૨૮-૯ ના રોજ શ્રી શારદાબેન બારૈયા તરફથી...
- તા. ૧-૧૦ ના રોજ શ્રી બળદેવસિંહ વાઘેલા તરફથી...
- તા. ૨-૧૦ ના રોજ શ્રી સુરેશભાઈ તરફથી...
- તા. ૨-૧૦ ના રોજ શ્રી હાર્દિકસિંહ જાડેજા તરફથી...
- તા. ૬-૧૦ ના રોજ શ્રી સંગીતાબેન કુંડાણીયા તરફથી...
- તા. ૧૨-૧૦ ના રોજ શ્રી નિકીતાબેન સલોત તરફથી...
- તા. ૧૪-૧૦ ના રોજ શ્રી પ્રવિણસિંહ રાઓલ તરફથી...
- તા. ૧૪-૧૦ ના રોજ શ્રી યશપાલસિંહ જાડેજા તરફથી...

### નાસ્તો :

- તા. ૧૭-૯ ના રોજ શ્રી સોહિલખાન પઠાણ તરફથી...
- તા. ૧૯-૯ ના રોજ શ્રી રમણીકભાઈ બારડ તરફથી...
- તા. ૨૨-૯ ના રોજ શ્રી જીલુભા જાડેજા તરફથી...
- તા. ૨૫-૯ ના રોજ શ્રી નરેશભાઈ પટેલ તરફથી...
- તા. ૨૬-૯ ના રોજ શ્રી યોગેન્દ્રસિંહ જાડેજા તરફથી...
- તા. ૨૭-૯ ના રોજ શ્રી કૌશિકાબેન પટેલ તરફથી...
- તા. ૨૭-૯ ના રોજ શ્રી આશિષભાઈ મહેતા તરફથી...
- તા. ૨૮-૯ ના રોજ શ્રી આકાશભાઈ તરફથી...
- તા. ૨૯-૯ ના રોજ શ્રી નિલેશભાઈ દોશી તરફથી...
- તા. ૩૦-૯ ના રોજ શ્રી ગણપતભાઈ તરફથી...
- તા. ૧-૧૦ ના રોજ શ્રી પાર્થ નરેશભાઈ ગોહિલ તરફથી...
- તા. ૨-૧૦ ના રોજ શ્રી પાર્થરાજસિંહ ગોહિલ તરફથી...
- તા. ૫-૧૦ ના રોજ શ્રી વિવેકભાઈ પરમાર તરફથી...
- તા. ૬-૧૦ ના રોજ શ્રી રીટાબેન ડોડિયા તરફથી...
- તા. ૭-૧૦ ના રોજ શ્રી કરમશીભાઈ પટેલ તરફથી...
- તા. ૯-૧૦ ના રોજ શ્રી હિંમતભાઈ આચાર્ય તરફથી...
- તા. ૧૦-૧૦ ના રોજ એક શુભેચ્છક તરફથી...
- તા. ૧૨-૧૦ ના રોજ શ્રી મિતેશભાઈ ડાંખરા તરફથી...

### સમાચાર

- તા. ૧૬-૯ ના રોજ શ્રી વિજયભાઈ ચુડાસમા તરફથી હોસ્ટેલના બાળકોને નોટબુક, પેન્સિલ આપેલ.
- તા. ૫-૧૦ ના રોજ હોસ્ટેલના બાળકો અગ્રવાલ હોલમાં નવરાત્રી મહોત્સવમાં ભાગ લેવા ગયેલ.

# શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન, શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

અગ્રવાલ સમાજ દ્વારા તા. ૨૯-૯ ના રોજ અગ્રવાલ હોલ ખાતે એક **એક્ઝિબીશન કમ સેલ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાનુવાડી વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરના મનોદિવ્યાંગ વ્યકિતઓ દ્વારા બનાવવામાં આવેલ વિવિધ અને આકર્ષક વસ્તુઓ જેવી કે, તોરણ, ટોડલિયા, કુશન કવર, ટી લાઈટ વિગેરે વસ્તુઓ ભાવેણાવાસીઓએ ખરીદી બાળકોને પ્રોત્સાહન પૂરું પાડેલ.



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
# પ્રાથમિક વિભાગ

✍ ગજાનંદભાઈ ભટ્ટ






- પ્રાથમિક વિભાગના બાળકો અને શિક્ષકોએ વિશુધાનંદ વિદ્યા મંદિરમાં યોજાયેલ વિજ્ઞાન મેળાની મુલાકાત લીધી હતી.
- **ભારતીય વિકાસ સપ્તાહ**ના ભાગરૂપે પ્રાથમિક વિભાગના બાળકો દ્વારા રંગોળી, ચિત્ર તથા રંગપૂરણી સ્પર્ધાનું આયોજન થયેલ. જેમાં શાળાના શિક્ષકશ્રી તથા બાળકોએ ઉત્સાહથી ભાગ લીધેલ. ભાષા જ્ઞાન, તેમજ બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય તેવો હેતુ રહેલ. આ પ્રોજેકટને સફળ બનાવવામાં શાળાના ટ્રસ્ટીશ્રીઓ, શિક્ષકો, અન્ય કર્મચારીગણો વગેરેએ જહેમત ઉઠાવેલ.

# શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા

✍ જ્યોતિબેન ભટ્ટી



## ‘વિશ્વ બધિર સપ્તાહ’

સમગ્ર વિશ્વમાં સપ્ટેમ્બર મહિનાના છેલ્લા અઠવાડિયાને ‘બધિર સપ્તાહ’ તરીકે ઉજવવામાં આવે છે. તા. ૨૩ સપ્ટેમ્બરે ‘આંતરરાષ્ટ્રિય સાઈન લેંગ્વેજ દિવસ’ તરીકે ઉજવાય છે. સપ્ટેમ્બર મહિનાના છેલ્લા રવિવારને ‘વિશ્વ બધિર દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે.

આ સપ્તાહ દરમ્યાન બધિર સમાજના વિકાસ માટે અને બધિર લોકો વિશે જાગૃતતા અંગેના કાર્યક્રમો યોજાય છે. શાળામાં તા. ૨૩મી સપ્ટેમ્બરે ધો. ૯ થી ૧૨ ના શ્રવણમંદ વિદ્યાર્થીઓને ઓડિટોરિયમમાં પિકચર બતાવવામાં આવેલ. જેમાં બધિર વ્યકિત અને ઈન્ટરપ્રીટરની મુખ્ય ભૂમિકા હતી. જેમાં બધિર વ્યકિતને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેની સાથે ઈન્ટરપ્રીટરની ભૂમિકા બહુ જ મહત્વનો ભાગ ભજવે છે. બંનેનો લગાવ વધી જાય છે અને અંતમાં બધિર વ્યકિત ઈન્ટરપ્રીટર માટે સમર્પિત થાય છે. વિદ્યાર્થીઓને આ રસપ્રદ પિકચર જોવાની મજા આવી. કાર્યક્રમના આયોજનમાં શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી ભાર્ગવભાઈ તેમજ શ્રી યોગેશભાઈનો સહકાર રહ્યો. સહુએ વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.

## ‘ફાયર સેફટી’

ભાવનગર મહાનગરપાલિકાના ફાયર ડિપાર્ટમેન્ટમાંથી **ફાયર સેફટી** વાન લઈને, શાળાના ધો. ૯ થી ૧૨ ના બાળકો અને કર્મચારીઓને જુદા-જુદા પ્રકારની આગ ઓલવવાની ફાયર બોટલ અંગે



સમજ તેમજ નિદર્શન આપેલ. આ માટે ફાયર સેફટી ઓફિસર તેમજ અન્ય ૩ કર્મચારીઓ આવેલ. તેઓ દ્વારા ખૂબ સરસ માહિતી આપવામાં આવી હતી. શ્રવણમંદ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ શાળાના રમતના મેદાનમાં નિદર્શન માટે આગ લગાવી અને ઓલવવા માટે બોટલનો ઉપયોગ પ્રત્યક્ષ રીતે બતાવેલ અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને પણ તેના ઉપયોગ કરવામાં આવેલ. ફાયર સેફટી ઓફિસરે આગ લાગે ત્યારે પોતાની જાતને અને અન્ય વ્યકિતઓને કેવી રીતે બચાવવા તેની સમજ આપેલ. આ કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન શિક્ષક શ્રી હિતેષભાઈ વ્યાસે કરેલ. આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ આ કાર્યક્રમની વ્યવસ્થા ગોઠવેલ અને સફળ કાર્યક્રમ બદલ ટ્રસ્ટીશ્રીએ અભિનંદન પાઠવેલ હતાં.

## ‘નેઈલ આર્ટ અને મહેંદી સ્પર્ધા’

શાળાની શ્રવણમંદ વિદ્યાર્થીનીઓએ શાળા કક્ષાએ યોજેલ નેઈલ આર્ટ અને મહેંદી સ્પર્ધામાં ભાગ લીધો હતો.



સ્પર્ધા પહેલા શ્રી દર્શનાબેન શાહે ઈચ્છુક વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેની સાથે શિક્ષકો શ્રી જયોતિબેન બારૈયા, શ્રી ઉજવલાબેન વ્યાસ અને શ્રી નીતાબેન મેઘનાથી પણ મદદ માટે જોડાયાં હતાં. યોગ્ય પ્રેકિટસ બાદ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પટોળિયા ફ્રેન્સી, બારૈયા હિરલ, ઝાપડિયા કિંજલ, ગાહા નમીરા, કોટડિયા વિજયા અને વાઢેર પાયલે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. આ શીખવવા માટેની દરેક વસ્તુઓ શાળા દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

અગ્રવાલ સમાજ દ્વારા તા. ૨૯-૯ રવિવારના રોજ દિવ્યાંગ લોકો દ્વારા ગૃહઉદ્યોગમાં બનાવેલ વસ્તુઓનું પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. તેમાં ઉપરોકત વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પોતાની કળાનું નિદર્શન કર્યું હતું. પ્રદર્શન જોવા આવનારને નિ:શૂલ્ક નેઈલ આર્ટ તેમજ મહેંદી મૂકી આપેલ. અગ્રવાલ સમાજ દ્વારા વિદ્યાર્થીઓને ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ.

શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સહુને કાર્ય સફળતા માટે માર્ગદર્શન આપેલ, તેમજ વ્યવસ્થા કરી આપેલ. શાળાના ટ્રસ્ટીશ્રીઓએ વિદ્યાર્થીનીઓની કળાને બિરદાવી હતી.

## ‘બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪-૨૫’

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સિદસર તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભાવનગર દ્વારા આયોજિત ... - ૨ ધ્યાન કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪-૨૫ એમ.કે. વિદ્યામંદિર મોર્ડન સ્કૂલ, ભાવનગરના યજમાન પદે તા. ૩-૧૦ ના રોજ યોજવામાં આવ્યું હતું.

શાળાના ધો. ૯ અને ૧૦ ના ૭ શ્રવણમંદ વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ પ્રદર્શનમાં ભાવનગર શહેરની ૫૩ સરકારી, સેલ્ફ ફાઈનાન્સ અને ગ્રાન્ટેડ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શાળામાંથી બે વિભાગમાં શ્રવણમંદ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રવણમંદ વિદ્યાર્થીઓએ સાઈન દ્વારા પ્રાર્થના રજૂ કરી હતી. તેને શિક્ષક શ્રી રોશનીબેન તથા શ્રી વર્ષાબેને સહયોગ આપ્યો હતો. સાથે શ્રી ભાર્ગવભાઈએ ઉદ્ઘાટન કાર્યક્રમમાં વિશ્વ બધિર દિન વિશે સમધારણ બાળકોને માહિતગાર કર્યા હતા અને શ્રવણમંદતાની સમસ્યા સમજાવેલ. તેમજ તેમની માતૃભાષા સાઈન લેંગ્વેજ પ્રત્યે જાગૃતતા ફેલાય તે માટે વકતવ્ય આપેલ. બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનના ઉદ્ઘાટક શ્રી ડો. ગિરીશભાઈ ગોસ્વામી સાહેબે શ્રવણમંદ બાળકો અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યાં હતાં.

વિભાગ-૧ માં શાળાના શિક્ષક શ્રી ભાર્ગવભાઈ અઢિયાના માર્ગદર્શનથી ૫ વિદ્યાર્થીઓ ૧.સોલંકી વિશાલ, ૨. બારૈયા હિરલ, ૩. પટોળિયા ફ્રેન્સી, ૪. શિયાળ ભાર્ગવ અને જેઠવા ધાર્મિકએ ત્રિકોણ મિતિનો વ્યવહારમાં ઉપયોગ વિશે સમજ આપેલ. જેમાં કોઈ પણ ઊંચા બિલ્ડિંગ કે પર્વતની ઊંચાઈ માપવી હોય તો ત્રિકોણમિતિના ઉપયોગથી માપી શકાય, તે અંગે આ શ્રવણમંદ વિદ્યાર્થીઓએ સમધારણ વિદ્યાર્થીઓને બોર્ડ પર ગણતરી કરીને સમજાવ્યું હતું. સમધારણ વિદ્યાર્થીઓ ખૂબ રસપ્રદ રીતે સાઈન દ્વારા સમજવાનો પ્રયત્ન કરતા હતાં.

વિભાગ-૨ માં શાળાના શિક્ષકો શ્રી રોશનીબેન રાઠોડ તથા શ્રી વર્ષાબેન ચૌહાણના માર્ગદર્શનથી બે વિદ્યાર્થીઓ ૧. કેશવાણી જૈનમ અને ૨. ડોડિયા યુવરાજે, ફૂડ, હેલ્થ અને હાઈજીન ટોપિક અંતર્ગત આજમાં સ્ટ્રેસ ફૂલ સમયમાં, તંદુરસ્ત અને આરોગ્યપ્રદ જીવન કેવી રીતે જીવી શકાય ? તે અંગે ખૂબ સરસ મોડેલ દ્વારા સમજ આપવામાં આવી હતી.

જેમાં ભારતીય સંસ્કૃતિના યોગ અને ઋષિમુનીઓના ફોટા દ્વારા, આપણી પ્રાચિન ઔષધિઓનો પણ પરિચય આપવામાં આવ્યો હતો.

અંદાજીત ૧૦૦ જેટલા સામાન્ય શાળાના બાળકોને શ્રવણમંદ વિદ્યાર્થીઓએ સાઈન દ્વારા પોતાના પ્રોજેકટની સમજ આપી હતી. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈએ દરેક વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને પ્રદર્શનમાં ભાગ લેવા બદલ બીરદાવ્યા હતાં. શાળાના ટ્રસ્ટીશ્રીઓએ માધ્યમિક વિભાગની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

## ‘નવરાત્રિ મહોત્સવ’

નવરાત્રિએ સહુનો પ્રિય ધાર્મિક તહેવાર છે. માતાજીના ગરબાના સ્થાપન, કંકુથી પૂજન, ફુલહારથી શણગાર, ધૂપ-દીપ સાથે આરતી નવ દિવસનો તહેવાર સહુ આનંદ-ઉત્સાહ સાથે ઉજવે છે.

માતાજીના ગરબા ભકિત-ભાવથી ગાઈને તેમજ ગરબે ઘૂમીને વાતાવરણ આનંદિત બની જાય છે. શાળામાં નોરતાની શરૂઆતથી જ ધો. ૯ થી ધો. ૧૨ ના દરેક વર્ગના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને ગરબા, રાસ, ટીપણી, હૂડો, વગેરે વિશે સમજાવવામાં આવ્યું સાથે નવરાત્રિના મહત્વની સમજ શ્રી વિરેન્દ્રસિંહે આપેલ. દરેકને ગરબા કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું.વિદ્યાર્થીઓ અવનવી વેશભૂષા સાથે વિવિધ સ્ટાઈલથી ગરબા કરીને, માતાજીની ભકિત કરતા આનંદિત બન્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલે કર્યું હતું. આચાર્ય શ્રી શૈલેષભાઈએ સહુને નવરાત્રિની શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર સ્ટાફના સહકારથી આયોજન સફળ રહ્યું હતું.

# “શ્રી મનહરભાઈ પારેખ (Atlanta USA) ના જન્મ દિવસ નિમિત્તે કાર્યક્રમો યોજાયા.”

## બધિર છાત્રવાસી બાળકોને મિષ્ટાન ભોજન

શ્રી મનહરભાઈ પારેખ (Atlanta USA) ના જન્મ દિવસ નિમિત્તે શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ ભાવનગરના ૨૫૦ છાત્રવાસી બાળકો માટે સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવેલ. જેથી બાળકોમાં અનેરા આનંદ છવાયેલો જોવા મળ્યો હતો. સમગ્ર વ્યવસ્થા છાત્રાલયના ગૃહમાતા શ્રી સ્નેહલતાબહેન જોષી તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ.

## જરૂરતમંદ વરિષ્ઠ નાગરિકોને નિઃશૂલ્ક શ્રવણયંત્ર વિતરણ કેમ્પ

શ્રી મનહરભાઈ પારેખ (Atlanta USA) ના જન્મ દિવસ નિમિતે શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ ભાવનગર ખાતે નિઃશૂલ્ક જરૂરીયાતમંદ વરિષ્ઠ નાગરીકો માટે **નિઃશૂલ્ક શ્રવણયંત્ર વિતરણ કેમ્પ** યોજવામાં આવેલ. જરૂરીયાતમંદ ૨૩ વરિષ્ઠ નાગરિકોને બહેરાશ અનુરૂપ **બિહાઈન્ડ ધી ઈયર** શ્રવણયંત્ર વિનામૂલ્યે આપવામાં આવેલ. ઉપસ્થિત દાતા-મહેમાનોના વરદ હસ્તે લાભાર્થીઓને શ્રવણયંત્ર વિતરણ કરવામાં આવેલ. જેથી તે લોકોમાં અનેરો આનંદ છવાયેલો જોવા મળ્યો હતો. કાર્યક્રમ ઉદ્‌ઘોષણા ઓફિસ સુપ્રી. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ કરેલ. સમગ્ર કાર્યક્રમ માટે સંસ્થાના સ્ટાફે ખૂબજ જહેમત ઉઠાવી હતી.

## નિઃશૂલ્ક કૃત્રિમ હાથ-પગ વિતરણ ફીટમેન્ટ કેમ્પ

શ્રી મનહરભાઈ પારેખ (Atlanta USA) ના જન્મ દિવસ નિમિતે શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ ભાવનગર ખાતે **નિઃશૂલ્ક કૃત્રિમ હાથ-પગ વિતરણ ફીટમેન્ટ કેમ્પ** યોજવામાં આવેલ. જેમાં હાથ-પગ કપાયેલા ૧૭ નાગરિકોને કૃત્રિમ હાથ-પગ વિતરણ કરવામાં આવેલ. ઉપસ્થિત અદાતા-મહેમાનોના વરદ હસ્તે લાભાર્થીઓને કૃત્રિમ હાથ-પગ વિતરણ કરવામાં આવેલ. જેથી તે લોકોમાં અનેરા આનંદ છવાયેલો જોવા મળ્યો હતો. કાર્યક્રમની ઉદ્‌ઘોષણા ઓફિસ સુપ્રી. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ કરેલ. સમગ્ર કાર્યક્રમ માટે સંસ્થાના સ્ટાફે ખૂબજ જહેમત ઉઠાવી હતી.

ઉપરોકત તમામ કાર્યક્રમમાં મુખ્ય મુખ્ય અતિથિ શ્રી કિશોરભાઈ ડોબરીયા, સહમંત્રી શ્રી કિરીટભાઈ સોની, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી પરેશભાઈ મહેતા, શ્રી બિન્દીબેન ત્રિવેદી, શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, શ્રી શૈલેષભાઈ દવે, શ્રી રવિભાઈ વાટલીયા અને શ્રી અનીલકુમાર સિંહ ઉપસ્થિત રહેલ હતાં.

## સ્વચ્છતા હી સેવા

આપણે જાણીએ છીએ કે દુનિયાના એ જ દેશો સ્વચ્છે કે જેના નાગરિકો ગંદકી કરતા નથી. ગાંધીજીના સ્વપ્નનું ભારત હવે માત્ર આઝાદ ભારત નહીં, પણ સ્વચ્છ ભારત બન્યું છે. જેમાં સૌથી પહેલા પોતાનાથી, પરિવારથી, પોતાના મહોલ્લો, પોતાનું કાર્ય સ્થળથી શરૂઆત કરવા કહેવામાં આવ્યું. આજે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ આ સ્વચ્છતાના મંત્રને જન-જન સુધી પહોંચાડયો છે અને જેના આવકાર સ્વરૂપે સ્વચ્છતા અને સંસ્કાર સ્વચ્છતાના મંત્ર સાથે આજે ભારતના પ્રત્યેક વ્યકિતમાં **સ્વચ્છતા હી સેવા ભાવ પુનર્ઉદીપ્ત** થયો છે.

આ અંતર્ગત શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળામાં પણ **સ્વચ્છતા હી સેવા** કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. શાળાના મહાવીર ઓડિટોરિયમમાં ગાંધીજીની વાત તેમજ તેમને ગમતા ૧૧ વ્રતોની સમજ આપવામાં આી. ત્યારબાદ નર્સરીથી ધો. ૨ સુધીના બાળકોએ પોતાની ક્ષમતા મુજબ વર્ગ સફાઈની ઉત્સાહભેર કામગીરી કરી. આ ઉપરાંત ધો. ૩ થી ધો. ૮ ના બાળકોએ શાળાની જુદી-જુદી જગ્યાઓ જેવી કે, પાર્કિંગ વ્યવસ્થા, ઓડિટોરિયમ, રમતનું મેદાન, શાળા પરિસર, લાઈબ્રેરી, રમકડાં ઘર વગેરે જગ્યાએ સ્વચ્છતાની કામગીરી કરી હતી.


## બધિર બાળકો દ્વારા નિર્મિત વસ્તુઓનું પ્રદર્શન

શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળાના શ્રવણમંદ બાળકોએ અગ્રવાલ સમાજ તરફથી યોજવામાં આવેલ એકિઝબિશનમાં ભાગ લીધો હતો. જેમાં શાળાની દીકરીઓએ વિનામૂલ્યે નેઈલ આર્ટ, મહેંદી મૂકવી જેવી વિવિધ પોતાનામાં રહેલ હૂન્નરને પ્રદર્શિત કર્યો હતો.

આ એકિઝબિશનના ઉદ્‌ઘાટન સમારોહમાં પી.એન.આર. સંલગ્ન બધી જ સંસ્થાઓએ ભાગ લીધો હતો તેમજ બધી જ સંસ્થાઓના બાળકો દ્વારા બનાવવામાં આવતી વિવિધ વસ્તુઓનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જે કાર્યક્રમના પ્રારંભે, પ્રાથમિક શાળાની બાળાઓએ અભિનય ગીત કરીને ઉપસ્થિત અગ્રસેન સમાજના સૌ મોભીઓ, ભાવનગરના શ્રેષ્ઠીઓ, આપણી સંસ્થાઓના ટ્રસ્ટીઓ તથા ઉપસ્થિત સૌ કોઈના દિલ જીતી લીધા હતાં. આ કાર્યક્રમમાં શ્રવણમંદ બાળકોએ બનાવેલ વિવિધ ક્રાફટની વસ્તુઓનું સેલ કરવામાં આવ્યું હતું. જેને બહોળો પ્રતિસાદ મળ્યો હતો અને બાળકોની બનાવટના ખૂબ વખાણ થયાં હતાં.

આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મહાસુખભાઈ ઝકડિયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી મહેશભાઈ શાહ, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, ઓ.એસ.શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા તેમજ સંસ્થાના કર્મવીરોની હાજરી પ્રોત્સાહક બની હતી. શ્રી મીનાબેન રૂપેરા, શ્રી સુનિતાબેન ચૌહાણ અને શ્રી પારસબેન દ્વારા બાળકોના હુન્નરને ઉજાગર કરવામાં ખૂબ જ મહેનત ઉઠાવી રહ્યાં હતાં.

# પી.આર.વી. વર્કશોપ



✍ અશ્વિન જી. પંડ્યા (ચેરમેન)



આ સપ્ટેમ્બર માસમાં અહિં ભાવનગરમાં સ્થાનિક કક્ષાએ કુલ ૮૬ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૦૩ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૧, ઓર્થોશૂઝ-૨, ની-બ્રેસ-૧૬, હેન્ડ સ્પીલન્ટ-૪, સ્પાઈનલ ઓર્થોસિસ-૧, અન્ય-૫૫, કેલિપર-૬, એ.એફ.ઓ.-૧૧, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૭ એમ કુલ ૧૦૩ સાધનો આપવામાં આવ્યાં હતાં. માહે સપ્ટેમ્બર માસમાં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ પગનો ૧ એક કેમ્પ તા. ૧૫-૯ થી ૧૮-૯ દરમ્યાન ગાંધીનગર મુકામે યોજાયેલ. જેમાં ૪૩ લાભાર્થીઓને આખા પગ-૧૯ તથા અડધા પગ-૨૪ અને સોકેટ-૨ પૂરા પાડેલ હતાં અને તા. ૨૬ થી ૩૦ દરમ્યાન બિલાસપુર કેમ્પ ચાલુ છે.

# શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોશી

- તા. ૧-૯ ને ભાદરવા સુદ ચોથના રોજ ગણેશચતુર્થીના દિવસે સંસ્થાના આંગણામાં સ્થાપિત ગણપતિદાદાની મૂર્તિની પૂજા કરી અને દાદાને લાડુનો પ્રસાદ ધરાવેલ. બાળકોએ દર્શન કરી લાડુનો પ્રસાદ લીધો.
- તા. ૧૪-૯ (વાઘાવાડી કા રાજા) ગણપતિના દર્શન કરવા છાત્રાલયના બધાજ બાળકોને લઈ ગયેલ. ગણપતિ દાદાના દર્શન કરી બાળકોએ આનંદ અનુભવેલ.
- તા. ૨૪-૯ ના રોજ સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ તરફથી બાળકોને છાત્રાલયમાં જ દૂધપાક બનાવેલ અને બાળકોને મિષ્ઠાન ભોજન કરાવેલ.
- તા. ૫-૧૦ ના રોજ અગ્રવાલ હોલમાં અગ્રવાલ સમાજ દ્વારા બાળકોને દાંડિયારાસ રમ્યાં તથા જમવાનું આયોજન કરેલ. છાત્રાલયના બધા જ બાળકોને લઈ ગયેલ બાળકો ખૂબ જ આનંદથી ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબા રમેલ અને મનગમતું ભોજન કરેલ. ગૃહમાતાએ બાળકો સાથે હાજર રહેલ અને બાળકોને જુદી-જુદી ગિફ્ટ પણ તેઓએ આપેલ અને બાળકોએ ખૂબ જ આનંદ કરેલ.
- તા. ૬-૧૦ ના રોજ ભાવનગર કચ્છ સમાજના સ્થાપના દિન નિમિત્તે પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ હસ્તે બાળકોને ભોજન કરાવેલ અને કચ્છ સમાજના સભ્યો આવેલ અને બાળકોને ખૂબ જ પ્રેમથી ભોજન કરાવેલ.
- ૧૦-૧૦ ના રોજ શ્રી અમીતભાઈ શાહ દ્વારા બાળકો તથા તમામ સ્ટાફને તેમના પિતાશ્રીના જન્મદિન નિમિત્તે શીંગ, દાળિયા અને રેવડી બપોરના નાસ્તામાં આપેલ.
- ૧૦-૧૦ ના રોજ શ્રી સેજલબેન મહેતા શાળાના શિક્ષક દ્વારા બાળકોને નાસ્તામાં સમોસા આપેલ.
- ૨૧-૧૦ ના રોજ શ્રી મનહરભાઈ પારેખના (USA) જન્મદિવસ નિમિત્તે છાત્રાલયના બધા જ બાળકોને મિષ્ટાન ભોજન કરાવેલ. બાળકોએ પણ બોર્ડ પર સુંદર રેકનું ચિત્ર બનાવેલ અને કાર્ડ પણ સુંદર બનાવેલ.
- તા. ૧૨-૧૦ ના રોજ શ્રી જીતેન્દ્રભાઈ તથા મિત્રવર્તુળ જેઓ છેલ્લા પાંચ-સાત વર્ષથી દર દશેરાના દિવસે બાળકોને જલેબી તથા ચોળાફળી અનલિમીટેડ બપોરના ભોજન સાથે આપેલ.
- આ માસ દરમ્યાન શ્રી મૌલિકભાઈ ડોડિયા તથા શ્રી એસ. એન્ડ એસ. એક્સપોર્ટ (શ્રી પર્યાતીતભાઈ પારેખ) તેમજ શ્રી કીર્તિભાઈ શાહ બોમ્બે હસ્તે, તેમના ઘણા બધાં દાતાશ્રીઓ દ્વારા પોતાના સ્વજનના જન્મદિવસ નિમીત્તે, સ્મરણાર્થે તિથિ નિમિત્તે ભોજન કરાવેલ છે.

  આ પ્રસંગે બાળકોને લાવવા-લઈ જવા માટે શ્રી શિવ સાગર ટ્રાવેલ્સ (પાર્થભાઈ) દ્વારા બાળકોની બસની સેવા પૂરી પાડેલ.



# શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય



- શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલયમાં નવરાત્રિનો પ્રારંભ થતા બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રથમ નોરતે મા આદ્યશક્તિના ફોટાની સ્થાપના કરી, આરતી કરી. જુદી-જુદી પ્રસાદી ધરાવી, માતાજીના નવલા નોરતાની ખૂબ જ ઉત્સાહભેર ઉજવણી કરી. મા આદ્યશક્તિના આશીર્વાદ મેળવ્યાં હતાં.
- તા. ૧-૯ ને ભાદરવા સુદ ચોથના રોજ ગણેશચતુર્થીના દિવસે સંસ્થાના આંગણામાં સ્થાપિત ગણપતિદાદાની મૂર્તિની પૂજા કરી અને દાદાને લાડુનો પ્રસાદ ધરાવેલ. બાળકોએ દર્શન કરી લાડુનો પ્રસાદ લીધો.
- તા. ૧૪-૯ (વાઘાવાડી કા રાજા) ગણપતિના દર્શન કરવા છાત્રાલયના બધાજ બાળકોને લઈ ગયેલ. ગણપતિ દાદાના દર્શન કરી બાળકોએ આનંદ અનુભવેલ.
- તા. ૨૪-૯ ના રોજ સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ તરફથી બાળકોને છાત્રાલયમાં જ દૂધપાક બનાવેલ અને બાળકોને મિષ્ઠાન ભોજન કરાવેલ.
- તા. ૫-૧૦ ના રોજ અગ્રવાલ હોલમાં અગ્રવાલ સમાજ દ્વારા બાળકોને દાંડિયારાસ રમ્યાં તથા જમવાનું આયોજન કરેલ. છાત્રાલયના બધા જ બાળકોને લઈ ગયેલ બાળકો ખૂબ જ આનંદથી ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબા રમેલ અને મનગમતું ભોજન કરેલ. ગૃહમાતાએ બાળકો સાથે હાજર રહેલ અને બાળકોને જુદી-જુદી ગિફ્ટ પણ તેઓએ આપેલ અને બાળકોએ ખૂબ જ આનંદ કરેલ.
- તા. ૬-૧૦ ના રોજ ભાવનગર કચ્છ સમાજના સ્થાપના દિન નિમીત્તે પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ હસ્તે બાળકોને ભોજન કરાવેલ અને કચ્છ સમાજના સભ્યો આવેલ અને બાળકોને ખૂબ જ પ્રેમથી ભોજન કરાવેલ.
- ૧૦-૧૦ ના રોજ શ્રી અમીતભાઈ શાહ દ્વારા બાળકો તથા તમામ સ્ટાફને તેમના પિતાશ્રીના જન્મદિન નિમિત્તે શીંગ, દાળિયા અને રેવડી બપોરના નાસ્તામાં આપેલ.
- ૧૦-૧૦ ના રોજ શ્રી સેજલબેન મહેતા શાળાના શિક્ષક દ્વારા બાળકોને નાસ્તામાં સમોસા આપેલ.
- ૨૧-૧૦ ના રોજ શ્રી મનહરભાઈ પારેખના (USA) જન્મદિવસ નિમિત્તે છાત્રાલયના બધા જ બાળકોને મિષ્ટાન ભોજન કરાવેલ. બાળકોએ પણ બોર્ડ પર સુંદર રેકનું ચિત્ર બનાવેલ અને કાર્ડ પણ સુંદર બનાવેલ.
- તા. ૧૨-૧૦ ના રોજ શ્રી જીતેન્દ્રભાઈ તથા મિત્રવર્તુળ જેઓ છેલ્લા પાંચ-સાત વર્ષથી દર દશેરાના દિવસે બાળકોને જલેબી તથા ચોળાફળી અનલિમીટેડ બપોરના ભોજન સાથે આપેલ.
- આ માસ દરમ્યાન શ્રી મૌલિકભાઈ ડોડિયા તથા શ્રી એસ. એન્ડ એસ. એક્સપોર્ટ (શ્રી પર્યાતીતભાઈ પારેખ) તેમજ શ્રી કીર્તિભાઈ શાહ બોમ્બે હસ્તે, તેમના ઘણા બધાં દાતાશ્રીઓ દ્વારા પોતાના સ્વજનના જન્મદિવસ નિમીત્તે, સ્મરણાર્થે તિથિ નિમીત્તે ભોજન કરાવેલ છે.
- આ પ્રસંગે બાળકોને લાવવા-લઈ જવા માટે શ્રી શિવ સાગર ટ્રાવેલ્સ (પાર્થભાઈ) દ્વારા બાળકોની બસની સેવા પૂરી પાડેલ.

### ભાવનગર નવજવાન સંઘ સંચાલિત,

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનીક


✍ સૂર્યકાંત ચાવડા



**સપ્ટેમ્બર-’૨૪ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| • EYE DEPARTMENT | | • CHEST PHYSICIAN | 04 |
| OPD | 178 | • PHYSIOTHERAPY | 25 |
| Cataract Surgeries - Free | 17 | • GENERAL OPD | 178 |
| Cataract Surgeries - Paid | 04 | • PSYCHIA TRIC | 24 |
| EYE Retina | 13 | | |
| • ENT DEPARTMENT | | • ORTHOPEDIC DEPARTMENT | 44 |
| OPD | 507 | • PEDIATRIC | 45 |
| OPERATION - PAID | 01 | • SKIN DEPARTMENT | 155 |
| MINOR PROCEDURE | 121 | • X-RAY DEPARTMENT | 28 |
| • DENTAL DEPARTMENT | | • LABORATORY PATIENT | 141 |
| OPD | 105 | • LABORATORY TEST | 333 |
| PROCEDURE | 82 | • SONOGRAPHY | 24 |
| MATERNITY | | • CAMP | 04 |
| OPD | 18 | • PATIENT | 13 |
| DELIVERY | 00 | • SHAMJI MAVJI RELIEF | 03 |
| OPERATION | 01 | • PSYCHIATRIC (M.D.) | 31 |

# શ્રધ્ધાંજલી



સ્વ. જીતેન્દ્ર ચંપકલાલ મહેતા
અવસાન
તા. ૧૮-૧૦-૨૦૨૪

જેને સંસ્થામાં સૌ જીતુભાઈ તરીકે ઓળખતા. શ્રી જીતુભાઈ સંસ્થાના સંનિષ્ઠ કાર્યકર હતા. પ્રમાણિકતા અને પારદર્શકતામાં ચૂસ્ત આગ્રહી હતા. આપણી બહેરાં-મૂંગા શાળામાં જ્યારે એક પછી એક હિસાબનિસ્ટ બદલાતા ગયા અને કોઈના કામથી સંતોષ ન થયો, ત્યારે આપણા ટ્રસ્ટી સ્વ. શ્રી ગુણવંતભાઈ વડોદરિયાએ જીતુભાઈના નામની ભલામણ કરી. જીતુભાઈ જોડાયા, બધું સમુ સુતરૂ પાર પાડયું, એટલુ જ નહી, પણ PNR અંડરવન અંબ્રેલાની બધીજ સંસ્થાઓનું હિસાબી કામકાજ પણ જોતા રહ્યાં. તેની સંસ્થાઓમાં એક સારી સિસ્ટમ ઊભી થઈ જે આજ સુધી ટકી રહે છે.

શ્રી જીતુભાઈએ સ્વ. જૈતુનબેન કપાશીની ફર્મમાં પણ કામ કરેલું. તેમના તેઓ વિશ્વાસુ કર્મચારી હતા. જૈતુનબેને બનાવેલા વસિયતનામામાં જીતુભાઈ એક્ઝિક્યુટરમાંના એક હતા. જૈતુનબેનની ઈચ્છા મુજબ તેમણે દાનની સરવાણી વહેવડાવી. આપણી સંસ્થાઓને તેનો લાભ આપ્યો હતો. PNR હોસ્પિટલ, PRV વર્કશોપ વગેરેમાં જીતુભાઈએ પોતાનું દાન પણ કર્યું છે.


આવા સાથી જીતુભાઈની, સંસ્થા પરિવારને મોટી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.


‘દિપોત્સવી પર્વ નિમિત્તે આપને હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.’

‘દરેક દિશાઓથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.’

ઋગ્વેદ ૧. ૮૯. ૧

**સ્નેહાધિન**
**શક્તિસિંહ ગોહિલ**
**સાંસદ-રાજ્યસભા**



# 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા



✍ નેહલ ગઢવી

## પેરેન્ટસ ટ્રેઈનિંગ - "ચાલો આપણા બાળકોને ઓળખીએ"




શાળામાં પ્રતિ વર્ષની માફક, આ વર્ષે પણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં નવા પ્રવેશ મેળવેલ બાળકોના વાલીઓ માટે એક પેરેન્ટસ ટ્રેઈનિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૩-૯ થી ૧૮-૯ દરમ્યાન "ચાલો આપણા બાળકોને ઓળખીએ" શીર્ષક હેઠળ પેરેન્ટસ ટ્રેઈનિંગ યોજાયેલ. જેમાં મંદબુધ્ધિ તેમજ તેને લગતા વિવિધ પાસાઓ, વિવિધ થેરાપીઓ તથા મંદબુધ્ધિ બાળકોને સરકાર દ્વારા મળતા વિવિધ લાભો વિશે શાળાના શિક્ષકો દ્વારા પેરેન્ટસને જ્ઞાનસભર અતિ ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવી હતી, જે મંદબુધ્ધિ બાળકના વિકાસમાં અતિ મહત્વનો ભાગ ભજવે છે.

આ પેરેન્ટસ ટ્રેઈનિંગના ઉદઘાટન સમારોહમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમા, માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબની વિશેષ ઉપસ્થિતિ રહેલ. આ સમગ્ર પેરેન્ટસ ટ્રેઈનિંગનું સંચાલન શિક્ષક શ્રી પારૂલબેન પાઠક તથા સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઓપન ગુજરાત ચિત્ર સ્પર્ધામાં સિધ્ધિ



ખોડિદાસ પરમાર આર્ટ ફાઉન્ડેશન દ્વારા **ઓપન ગુજરાત ચિત્ર સ્પર્ધા** સાથે એકિઝબીશન તા. ૨૧-૯ અને ૨૨-૯ ના રોજ મેઘાણી ઓડિટોરિયમમાં યોજાયેલ. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૩૦૦ જેટલા ચિત્રોની એન્ટ્રી થયેલ. આ સ્પર્ધાનો વિષય હતો. 'ક્રિષ્ન'.

શાળાના પાંચ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં સામાન્ય વિદ્યાર્થીઓ સાથે ભાગ લીધેલ. 'ક્રિષ્ન' વિષય પર પાંચેય વિદ્યાર્થીઓએ સ્વયંમ ચિત્ર દોરી અને રંગો પુરેલ. આ પાંચેય વિદ્યાર્થીઓના ચિત્રો પ્રદર્શનમાં મુકવામાં આવેલ. જેમાંથી બે વિદ્યાર્થીઓના ચિત્ર એવોર્ડ માટે પસંદગી પામ્યાં હતાં. આ બંને વિદ્યાર્થીઓને એવોર્ડ અને સર્ટિફીકેટ આપી સન્માનિત કરવામાં આવેલ.

આ વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં ચિત્ર શિક્ષક શ્રી પૂજાબેન રાઠોડે ભારે જહેમત ઉઠાવેલ. આ માટે સંચાલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી અને સંકલન શ્રી રેશ્માબેન શાહે કરેલ. તેમજ આ કાર્યક્રમ માટે શ્રી અમુલભાઈ પરમાર (ખોડિદાસ પરમાર આર્ટ ફાઉન્ડેશન) ખૂબ સહયોગ મળ્યો હતો.

## સેમિનાર

શાળા દ્વારા તા. ૧૮-૯ ના રોજ **માનસિક રોગ અને બૌધ્ધિક અક્ષમતા** વિષય પર એક **સેમિનાર**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા ડો. નિમેશભાઈ દેસાઈ (ડાયરેકટર, IHBAS ન્યૂ દિલ્હી) એ મંદબુધ્ધિ બાળકોની વર્તન સમસ્યા અને તેનુ મેનેજમેન્ટ તથા કેસ સ્ટડી પર સુંદર માર્ગદર્શન આપ્યું હતું. આ Online સેમિનારમાં સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા તેમજ સમગ્ર સ્ટાફ જોડાયેલ. આ સેમિનારનું સંચાલન શ્રી રેશ્માબેન શાહ તથા સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ કર્યું હતું.

## કેન્સર અવેરનેસ કાર્યક્રમ

તા. ૧૯-૯ ના રોજ શાળામાં આશીર્વાદ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા બ્રેસ્ટ તથા ગર્ભાશય **કેન્સરના અવેરનેસ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશીર્વાદ ફાઉન્ડેશન, ભાવનગર કેન્દ્રના કો-ઓડિનેટર શ્રી ભાનુબેન બોરિચાએ બેસ્ટ તથા ગર્ભાશય કેન્સર માટેના જોખમી પરિબળો, કારણો તેને રોકવાના ઉપાયો, સાવચેતી, તેમજ તે અંગેની વેકિસન અંગે અતિ વિસ્તૃત અને ઉપયોગી માહિતી રસપ્રદ શૈલીમાં આપી હતી. આ અવેરનેસ કાર્યક્રમમાં શાળાનો મહિલા સ્ટાફ, વોકેશનલ વિભાગ, તેમજ ટિચર્સ ટ્રેઈનિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ સહિત બહોળી સંખ્યામાં બહેનો જોડાયેલ.

## શુભેચ્છા મુલાકાત

તા.૨૪-૯ ના રોજ ડેપ્યુટી કલેકટર - પ્રોબેશનલ IAS ઓફિસર શ્રી આરૂષિ જૈન, તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમાએ સંસ્થાની **શુભેચ્છા મુલાકાત** લીધી હતી. માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા તથા આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ સંસ્થાની પ્રવૃત્તિ અંગે માહિતગાર કરેલ.

PNR સોસાયટીના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, શ્રી હિતેનભાઈ દલાલ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાએ સંસ્થાની વિઝીટ કરેલ. સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણીએ સંસ્થાના દરેક

વિભાગોની વિઝીટ કરાવી માહિતી આપેલ. મહેમાનો સંસ્થાની કામગીરીથી ઘણા પ્રભાવિત થયા હતા અને શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયાએ સંસ્થાને સાઉન્ડ સિસ્ટમ માટે રૂા. ૨ લાખનું ડોનેશન આપેલ.

## કવીઝ સ્પર્ધામાં શાળાના બાળકોનો પ્રભાવશાળી દેખાવ

તા.૨૭-૯ ના રોજ બેંગ્લોર સ્થિત **સેવા ઈન એક્શન** કવિસેબલ સંસ્થા દ્વારા મંદબુધ્ધિ, ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી બાળકો માટે **કવીઝ સ્પર્ધા**નું આયોજન કરેલ. જેમાં ગુજરાતના ૧૪ જિલ્લામાંથી ૧૨૭ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં શાળામાંથી ૧૧ બાળકો આ સ્પર્ધામાં જોડાયાં હતાં અને તેમાંથી બે બાળકોએ, અનુક્રમે રોય ક્રિશ તથા વાઘેલા નવદીપએ કવીઝ સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ કરી, જિલ્લા કક્ષાએ વિજેતા પામી, ઝોનલ કક્ષાની કવિઝ સ્પર્ધા માટે પસંદગી પામ્યાં હતાં. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી સ્પેશ્યલ ઓલિમ્પિકના ટ્રસ્ટી શ્રી તુષારભાઈ જોગલેકરના સંકલન હેઠળ, શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલે આ બાળકોને સ્પર્ધા માટે તૈયારી કરાવેલ હતી.

## ડેન્ટલ સ્ક્રીનિંગ કેમ્પ




રોટરી કલબ ઓફ ભાવનગર રોયલના સહયોગથી, શાળામાં તા.૩-૧૦ ના રોજ **ડેન્ટલ સ્ક્રીનિંગ કેમ્પ** યોજાયેલ. જેમાં રોટરી કલબ ઓફ ભાવનગર રોયલના ડેન્ટીસ ડોકટરની ટીમ દ્વારા, શાળાના ૧૧૪ બાળકોના દાંતની તપાસ કરવામાં આવેલ તથા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ બાળકોને ટુથપેસ્ટ, બ્રશ, માઉસવોશ ભેટમાં આપેલ. આ કેમ્પનું આયોજન ફિઝીયોથેરાપીસ્ટ ડો. રાધીકાબેન રાઠોડે અને સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ કર્યું હતું.

## આદ્યશક્તિ પર્વની ઉજવણી

તા. ૬-૧ ના રોજ ભાવનગરના યુવરાજ શ્રી જયવિરરાજસિંહના મુખ્ય મહેમાન પદે દીપક હોલ ગ્રાઉન્ડ ખાતે, મોઢ જ્ઞાતિ યુવક મંડળના સહયોગથી શાળાના બાળકોએ **આદ્યશક્તિ પર્વ-નવરાત્રિની ભવ્ય ઉજવણી** કરી હતી. આ પ્રસંગે શ્રી સુનિલભાઈ જગમોહનભાઈ પારેખ (એડવોકેટ, પ્રમુખશ્રી-મોઢમહોદય-ભાવનગર), શ્રી કિશોરભાઈ ભાયાણી (મેસર્સ ભાયાણી નગીનદાસ હીરાલાલ), શ્રી જતીનભાઈ ઠક્કર (હાઈટેક ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગ પ્રાઈવેટ લિમીટેડ, શિહોર), શ્રી જતીનભાઈ મણિયાર (પ્રમુખશ્રી, મોઢ જ્ઞાતિ યુવક મંડળ), શ્રી રાનીબેન ચૌધરી (અલંગ ઓટો એન્જી. કું. પ્રા.લિ.), શ્રી હેમંતભાઈ ધોળકિયા (ડેન્ટો બેંક, શિહોર), શ્રી શરદભાઈ મહેતા (મંત્રીશ્રી, મોઢ મહોદય), શ્રી સુનિલભાઈ પરીખ (પ્રમુખશ્રી, મોઢ જ્ઞાતિ નવું તડ), શ્રી તુષારભાઈ મહેતા (ઈશ્વર સ્નફ વર્કસ) ની અતિથિ વિશેષ ઉપસ્થિતિમાં આરતી કરી બાળકો, વાલીઓ, સ્ટાફ પરિવાર તેમજ મહેમાનો દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી.

## વાર્ષિક સાધારણ સભા / AGM



તા. ૦૬-૧૦ ના રોજ વર્ષ ૨૦૨૩-૨૪ની બોર્ડ ઓફ ટ્રસ્ટીની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેનો અહેવાલ માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા દ્વારા આપવામાં આવેલ. માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ કે. શેઠે સમગ્ર વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ તથા વહીવટી બાબતોની માહિતી આપેલ. બજેટ તથા ઓડિટેડ હિસાબો માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ જે. શાહે રજૂ કર્યા હતા. પ્રમુખ શ્રી વિનોદ એન. હકાણીએ શાળા વિશે જનરલ માહિતી આપી હતી. મિટીંગમાં હાજર ટ્રસ્ટીશ્રીઓ તથા સભ્યશ્રીઓ દ્વારા સંસ્થાની કામગીરીને બીરદાવવામાં આવેલ અને અંકુરની સમગ્ર ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

# દિવ્યાંગ બાળકો સાથે જન્મ દિવસની ઉજવણી





ડૉ. દીપકભાઈ મનુભાઈ ભટ્ટી (ટાણા) એ તા. ૨૨-૯ ના રોજ પોતાના જન્મદિવસની ઉજવણી નટરાજ સી.પી. સ્કૂલ હોસ્ટેલના બાળકો સાથે કરી હતી. જેમાં દાતાશ્રી દ્વારા બાળકોને મિષ્ટાન સાથેનું ભોજન આપ્યું હતું. તેમના પરિવારના સભ્યશ્રીઓ દ્વારા સી.પી. હોસ્ટેલના બાળકો અને AT&T ની કોમ્પ્યુટરની તાલીમ લેતી દિવ્યાંગ દીકરીઓ વિગેરેને ટી-શર્ટ, પાણીની બોટલ, નેપકીન, નાસ્તો અને હોસ્ટેલ માટે એક દિવાલ ઘડિયાળ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. દીપકભાઈ ભટ્ટી તથા તેમના પરિવારનું PNR સોસાયટી વતી સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે પુષ્પગુચ્છથી સ્વાગત સાથે સન્માન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ગૃહપતિ શ્રી લાલજીભાઈ પંડયાએ જહેમત ઉઠાવી હતી.

# 1 થી 31 ઓક્ટોબર સુધીના દાતાઓની યાદી

## PNR SHAH SOCIETY (80-G)

| Doner Name | Amount (Rs) |
| --- | --- |
| Shri Krishna Enterprises C/O.K.V. Chitalia - Mumbai | 20,000 |
| Shri Chimanbhai Keshavbhai Shah - Bhavnagar | 25,000 |
| M/S. Abhedya Tech Services Pvt. Ltd. - Ahmedabad | 25,000 |
| Shri Bhupendra Himmatlal Shah-Mumbai | 1,25,000 |
| Shri Bhupendra Himmatlal Shah - Mumbai | 1,25,000 |
| Shri Manoj Pande - New Delhi | 10,000 |
| Shri Hasmukh K. Parekh - Mumbai | 5,000 |
| Shri Nergish Darius Vesavewala - Mumbai | 15,000 |
| Late Shri Sarojben H. Gandhi C/O. Harshadrai Manilal Gandhi - Anand | 10,000 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 5,000 |
| Shri Mukesh Mahendraprasad Oza-Mumbai | 50,000 |
| Shri Jinesh A.Patel - Mumbai | 10,000 |
| Shri Halston Global - Mumbai | 50,000 |
| B.K.Parekh Parkinson's Deases & Movement - Mahuva | 70,000 |
| Shri Usha Chandravadan Shah - Mumbai | 1,00,000 |
| Shri Dinshaw Darabsha Singaporia-Mumbai | 50,000 |
| Shri Prakashbhai N. Desai - Mumbai | 31,000 |
| Shri Mansi D. Thakkar - Bhavnagar | 4,000 |
| Shri Reshmaben Anantray Shah - Bhavnagar | 25,000 |

## FCRA

| Doner Name | Amount (Rs) |
| --- | --- |
| See International Surgical Eye Care (See) Grant | 203,173 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| Doner Name | Amount (Rs) |
| --- | --- |
| Shri S And S Export - Mumbai | 7,000 |
| Shri Nirubha Ravubha Gohil - Bhikda | 8,000 |
| Shri Kaumudiben Nileshbhai Pandya - Bhavnagar | 8,000 |
| Shri Harsh Saurabha Pandey - Bhavnagar | 8,000 |
| Shri Rotary Club Of Bilaspur - Bilaspur | 30,000 |
| Shri Pankaj Dhanvantray Ranpura-Ankleshwar | 30,000 |
| Shri Ajaybhai Doshi - Bhavnagar | 8,000 |
| Shri Gopiram Gupta - Bhavnagar | 9,500 |
| Shri Pragnesh Khavadiya - Bhavnagar | 6,000 |
| Shri Manish Pranjivan Doshi - Mumbai | 12,000 |
| Shri Meenaben Ghanshyambhai Upadhyay - Vadodara | 5,000 |
| Shri Ashokbhai D. Shah - Bhavnagar | 4,000 |
| Shri Kriyansh Shah - Bhavnagar | 9,600 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 1,00,000 |
| Shri Girishbhai C. Shah - Bhavnagar | 4,000 |
| Shri Bhavnagar Kutch Samaj - Bhavnagar | 7,000 |
| Shri Darsh & Shivdatt - Bhavnagar | 4,500 |
| Late Shri Ghanshyamsinh - Bhavnagar | 2,500 |
| Shri Tatvtrayi Aradhana Trust - Bhavnagar | 6,000 |
| Shri Prafulaben Sahokbhai Doshi - Mumbai | 1,500 |
| Shri Agraval Samaj - Bhavnagar | 2,500 |
| Shri Bhavya Bharatbhai Gohel - Bhavnagar | 6,000 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 45,000 |
| Shri Bharatiya Sanskruti Samvardhak Trust - Probandar | 15,000 |
| Shri Mukeshbhai Oza - Mumbai | 50,000 |
| Shri EK Sadgrahasth - Bhavnagar | 6,000 |
| Shri Ghatkopar Education Society-Mumbai | 1,50,000 |
| Shri Jayantilal Shah Trust - Mumbai | 11,000 |
| Shri Neelam Chandrakant Mehta - Mumbai | 10,000 |
| Shri Kundan Industrial Products And Services - Mumbai | 1,50,000 |
| Shri Neelam Chandrakant Mehta - Mumbai | 5,000 |
| Shri Sonal Pranav Mehta - Bhavnagar | 25,000 |
| Shri Pranav Hrushikesh Mehta - Bhavnagar | 25,000 |
| Shri Sejalben N. Mehta - Bhavnagar | 5,700 |
| Shri Navin Kalidas Juthani - Mumbai | 21,000 |
| Shri Sunita Akshay Marfatia - Mumbai | 31,000 |
| Shri Sunita Akshay Marfatia - Mumbai | 25,000 |
| Shri Chirag Rajesh Kotecha - Mumbai | 6,000 |
| Shri Devendrabhai Rasiklal Sheth (Sheth Brothers) - Bhavnagar | 25,000 |
| Shri Anil P. Parekh - Mumbai | 25,000 |
| Dr. Shri Kishorbhai L. Parikh - Bhavnagar | 7,000 |
| Shri Rajkot Rotary Club Community Service Trust Fund - Rajkot | 15,000 |
| Shri Hiren Prakashbhai Surani - Bhavnagar | 10,000 |
| Shri Ashokbhai Pranbhai Khatsuriya - Bhavnagar | 1,51,000 |
| Shri Sejalben N. Mehta - Bhavnagar | 1,50,000 |

| | |
|---|---|
| Shri Manishaben Ketanbhai Shah - Bhavnagar | 1,50,000 |
| Shri Manishaben Ketanbhai Shah - Bhavnagar | 20,000 |
| Shri Manishaben Ketanbhai Shah-Bhavnagar | 2,500 |
| Shri Dweety Malay Masalia - Mumbai | 5,000 |
| Shri Dweety Malay Masalia - Mumbai | 5,000 |
| Shri Mangal Keshav Foundation - Mumbai | 1,50,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Bipinbhai Nemchandbhai Shah-Mumbai | 5,50,000 |
| Shri Savitaben Jitendrarai Mehta-Bhavnagar | 2,51,000 |
| Chandravadan Desai Foundation- Mumbai | 2,00,000 |
| Shri Jatinbhai Maniyar - Bhavnagar | 1,11,000 |
| Krishna Enterprise - Mumbai | 1,00,000 |
| Shri Saroj A. Panchamiya - Mumbai | 1,00,000 |
| Shri Shivani Girishchandra Shah - Surat | 85,000 |
| Shri Hansaben Kantilal Saraiya Charitable Trust - Kolkata | 51,000 |
| Shri Kamini Kiran Shah - Anand | 51,000 |
| Lincoln Pharmaceuticals Ltd. - Ahmedabad | 50,000 |
| Shri Ushaben Harshvadan Bhatt - Surendranagar | 41,000 |
| Abhinav Electric Industries - Ahmedabad | 25,000 |
| Shri Deepak Harshdray Rathod - Bhavnagar | 25,000 |
| Shri Jayant Shah - Mumbai | 25,000 |
| Shri Kamlesh Mody - Mumbai | 25,000 |
| Shri Kirit V. Sheth - Mumbai | 25,000 |
| Shri Vibhaben J. Vasa - Ahmedabad | 25,000 |
| Shri Bakul Mehta - Mumbai | 21,000 |
| Shri Kishorbhai Nagindas Bhayani-Bhavnagar | 21,000 |
| Shri Manjulaben Pragjibhai Kotadiya-Rajkot | 21,000 |
| Shri Anand Pandit - Mumbai | 20,000 |
| Shri Sunita Akshay Marfatia - Mumbai | 18,000 |
| Shri Parasbhai Madhvjibhai Parmar-Bhavnagar | 16,800 |
| Shri Kiranbhai Avashia - Rajkot | 15,000 |
| Shri Dineshbhai - Bhavnagar | 11,111 |
| Shri Arun Odhavji Mehta - Mumbai | 11,000 |
| Shri Bhavnaben Bharatbhai Parekh-Mumbai | 11,000 |
| Kothari Agencies - Bhavnagar | 11,000 |
| Kusumben P. Shah - Vadodara | 11,000 |
| R. K. Shah Charitable Trust - Mumbai | 11,000 |
| Ramanshi Infotech - Bhavnagar | 11,000 |
| Subhagi Investment - Bhavnagar | 11,000 |
| Shri Nayan Parikh - Mumbai | 10,001 |
| Shri Ashaben Dilipbhai Kothari - Mumbai | 10,000 |
| Belcon Powertrans LLP - Mumbai | 10,000 |
| Dhirubhai M. Khakhar Waferwala Charitable Trust - Mumbai | 10,000 |
| Shri Khyati Salot - Ahmedabad | 10,000 |
| Shri Saurabh Vireshbhai Mehta - Thane | 10,000 |
| Shri Sonali Mody - Mumbai | 10,000 |
| Shri Ajaybhai M. Doshi - Bhavnagar | 6,500 |
| Shri Kinjal Maheshkumar Vagadia - Bhavnagar | 5,551 |
| Shri Nitalben Hemantkumar Maniar-Bhavnagar | 5,101 |
| Shri Kantaben Vinodbhai Vadalia-Bhavnagar | 5,011 |
| Shri Anju Shah - Vadodara | 5,000 |
| Shri Arvindbhai Vrejlal Sheth - Bhavnagar | 5,000 |
| Shri Manubhai Sakarchand Shah - Mumbai | 5,000 |
| Shri Muthu Krishnan L. - Tamilnadu | 5,000 |
| Shri Rajendrasinh Jadav - Vadodara | 5,000 |
| Shri Ramchandra Soundeker - Valsad | 5,000 |
| Shri Vishwesh Mehta - Ahmedabad | 5,000 |
| Shri Yogesh Dhotre - Vadodara | 5,000 |
| Shri Hardipbhai Jitubhai Kamliya - Bhavnagar | 4,200 |
| Shri Hinaben Becharbhai Galthariya-Bhavnagar | 4,200 |
| Shri Nehalben Rishikeshbhai Gadhavi-Bhavnagar | 4,200 |
| Shri Hemant Shah - Mumbai | 3,000 |
| Shri Harkat Anakbhai - Bhavnagar | 2,500 |
| Shri Ila Rashmikant Shah - Ahmedabad | 2,500 |
| Shri Naveenbhai Kanabar - Delhi | 2,500 |
| Shri Dimplebahen Bhadreshbhai Patel-Ahmedabad | 2,100 |
| Shri Krishivbhai Sandipbhai Jethva - Bhavnagar | 2,100 |
| Shri Sanjay Anandlal Kothari - Mumbai | 2,000 |
| Shri Jaypalsinh Jilubha Gohil - Bhavnagar | 1,800 |
| Shri Mukeshkumar H. Bhatt - Bhavnagar | 1,500 |
| Shri Vandanaben P. Raval - Bhavnagar | 1,500 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 1,111 |
| Shri Sanjiv Kapadia - Bharuch | 1,001 |
| Shri Alap Modi - Vadodara | 1,000 |
| Shri Sandip Patel - Surat | 1,000 |
| Shri Sanjaybhai Vadodariya - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH V. C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Rajeshbhai Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Bhaviniben Rajeshbhai Modi - Mumbai | 5,000 |

# PNR તસ્વીર સમાચાર



વર્લ્ડ સી.પી. ડે અંતર્ગત ઈનામ આપતા શ્રી બાબાભાઈ...



સી.પી. સ્કૂલ નવરાત્રિ મહોત્સવ, થાળી ડેકોરેશન સ્પર્ધા...



નેત્ર ચિકિત્સા કેમ્પ...



નવરાત્રિ મહોત્સવમાં 'અંકુર' શાળાના બાળકો...



દિવ્યાંગો દ્વારા વોકેશનલ એક્ટિવિટી...




મહુવા રિસોર્સ સેન્ટરમાં નવરાત્રિ મહોત્સવ...



PNR સોસાયટી દ્વારા શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના અંતર્ગત કીટ વિતરણ...

Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 | Monthly Date Of Publication : 15 November 2024 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001. Tel. : 91 - 22 - 22614505 / 06 / 07
E-mail : feedback@hindustanpencils.com